જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૦૬-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

માલ્યા ફરાર આર્થિક અપરાધી જાહેર : સંપત્તિ જપ્ત કરી શકાશે

ઈડીની અરજીના આધાર ઉપર મુંબઈ કોર્ટનો મહત્વનો ચુકાદો : ફરાર આર્થિક અપરાધી જાહેર થનારા માલ્યા પ્રથમ કારોબારી

નવી દિલ્હી

મુંબઈમાં ખાસ અદાલતે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની અરજી પર શરાબ કારોબારી વિજય માલ્યાને આજે ફરાર આર્થિક અપરાધી તરીકે અથવા તો એફઈઓ તરીકે જાહેર કરતા તેમના પર સકંજો વધુ મજબૂત થયો છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં અસ્તિત્વમાં આવેલા નવા ફગીટીવ ઈકોનોમિક ઓફેન્ડર્સ એક્ટની જોગવાઈ હેઠળ વિજય માલ્યા ઓ પ્રથમ કારોબારી છે જેમને ફરાર આર્થિક અપરાધી તરીકે જાહેર કરવામાં આવ્યા છે. સ્પેશિયલ જજ એમએસ આઝમીએ એક્ટની કલમ ૧૨ હેઠળ માલ્યાને એફઈઓ તરીકે જાહેર કર્યા હતા. માલ્યાના વકીલ તરફથી વ્યાપક રજુઆતો સાંભળ્યા બાદ તથા ઈડીના વકીલની રજુઆત સાંભળ્યા બાદ મુંબઈની ખાસ અદાલતે આ મુજબનો આદેશ આજે જારી કર્યો હતો. ગયા મહિનામાં કોર્ટે તેમને ફરાર અપરાધી જાહેર કરવાની ઈડીની અરજીની સુનાવણી પર મનાઈ હુકમની માંગ કરતી માલ્યાની અરજીને ફગાવી દીધી હતી. અહેવાલમાં જણાવાયું છે કે હાલના તબક્કે આ પ્રકારનો નિર્ણય ખૂબજ મહત્વપૂર્ણ છે. નવા કાયદા હેઠળ ખાસ અદાલતોને કોઈ વ્યક્તિને આર્થિક અપરાધી તરીકે જાહેર કરવાના અધિકાર રહેલા છે. વિજય માલ્યા બ્રિટનમાં પણ મની લોન્ડરીંગના આરોપોનો સામનો કરી રહ્યા છે. ભારતે તેમની સામે પ્રત્યાર્પણની કામગીરી હાથ ધરી છે. તેમની સામે લોન ડિફોલ્ટ બદલ અનેક કેસો ઈડી અને સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવી ચુક્યા છે. માલ્યાની મુશ્કેલી વધુ વધવાના સંકેત પણ છે. કારણ કે હવે સરકાર તેમની સંપત્તિને પણ જપ્ત કરી શકશે. આર્થિક ફરાર અપરાધી ઘોષિત થયા બાદ સરકારને સંપત્તિ જપ્ત કરવાના અધિકાર મળી ગયા છે. માલ્યાની સંપત્તિ જપ્ત કરવાને લઈને પીએમએલએ કોર્ટ દ્વારા પાંચમી ફેબ્રુઆરીના દિવસે સુનાવણી હાથ ધરાશે. પીએમએલએ કોર્ટે વિજય માલ્યાની અપીલ માટે થોડોક વધુ સમય આપવાની માંગને પણ ફગાવી દીધી છે. માલ્યાના પ્રત્યાર્પણને બ્રિટન સરકારે લીલીઝંડી આપી દીધી છે. આર્થિક ફરાર અપરાધીનો મતલબ એ છે કે તેમની સંપત્તિ તરત જપ્ત કરી શકાશે. આર્થિક અપરાધી એ હોય છે જેમની સામે યાદીબદ્ધ રીતે અપરાધ માટે ધરપકડ વોરંટ જારી કરવામાં આવે છે. આવી વ્યક્તિ ભારત છોડે તો વિદેશમાં પણ કાર્યવાહી કરવામાં આવે છે.

માલ્યાની તકલીફમાં વધારો થવા માટે અન્ય પરીબળો પણ છે. માલ્યાના પ્રત્યાર્પણનો મામલો કોર્ટના ચુકાદા બાદ બ્રિટનમાં વિદેશ મંત્રી સુધી પહોંચી ગયો છે. શુક્રવારના દિવસે જ સંસદમાં માહિતી આપવામાં આવી હતી કે ૨૭ ડિફોલ્ટીંગ કારોબારી અને આર્થિક અપરાધીઓ દેશમાંથી ફરાર થઈ ચુક્યા છે.

સબરીમાલા : નેતાઓના આવાસ પર બોંબ ફેંકાયા

કન્નુર

કેરળના સબરીમાલા સ્થિત ભગવાન અયપ્પાના મંદિરમાં બે મહિલાઓના પ્રવેશ બાદ ફેલાયેલી તંગદીલી હજુ ઓછી થવાના બદલે વધી રહી છે. હિંસક દેખાવોનો દોર જારી રહ્યો છે. તંગદીલી હિંસક સ્વરૂપ લેતા પોલીસ તંત્રની મુશ્કેલી વધી રહી છે. હિંસાના દોર વચ્ચે વધુ એક મહિલા મંદિરમાં દર્શન કરવા માટે પ્રવેશ કરી ગઈ છે. આ મહિલા દર્શન કરનાર ત્રીજી મહિલા બની છે. હિંસા બાદ કન્નુર જિલ્લાના થલસરીમાં સીપીએમ, સંઘ અને ભાજપના નેતાઓનમા આવાસ પર હુમલા કરવામાં આવી રહ્યા છે. શુક્રવારે મોડી રાત્રે ભાજપના સાંસદના આવાસ પર દેશી બોંબ ઝીકવામાં આવ્યો હતો. તે પહેલા લેફ્ટ પાર્ટીના ધારાસભ્યના આવાસ પર પણ આવો જ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે ડઝન જેટલા માટે ફરિયાદ દાખલ કરી છે.કેટલાક સંગઠનો દ્વારા બે મહિલાઓના મંદિરમાં પ્રવેશ સામેના વિરોધમાં ગુરૂવારના દિવસે રાજયવ્યાપી બંધની હાકલ કરવામાં આવી હતી.બંધ દરમિયાન કેટલાક વિસ્તારોમાં હિંસા ભડકી ઉઠી હતી. સબરીમાલાને લઈને વણસી ગયેલી સ્થિતિ બાદ સાવચેતીના તમામ પગલા લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. હજુ સુધીની હિંસામાં ૭૪૫ની ધરપકડ કરવામાં આવી છે. એકનું મોત થયું છે. ૬૨૮ લોકોને અટકાયતી કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. ૫૫૯ કેસો નોંધવામાં આવી ચુક્યા છે. ૩૫થી વધુ મકાનો અને ઓફિસોમાં તોડફોડ કરીને આગ ચાંપવામાં આવી હતી. ૧૦૦થી વધારે બસો ઉપર હુમલા કરવામાં આવી ચુક્યા છે. કેરળમાં કેએસઆરટીસીને ૩.૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ૧૦ પત્રકારો પણ હિંસાનો શિકાર થયા છે. કેરળના સબરીમાલા મંદિરમાં બે મહિલાઓના પ્રવેશ બાદ રાજયના કેટલાક ભાગોમાં સ્થિતી હજુ પણ વિસ્ફોટક બનેલી છે. ઠેર ઠેર દેખાવો અને હિંસા જારી છે. સ્થિતીને કાબુમાં લેવા માટે પોલીસે વિવિધ પગલા લીધા હોવા છતાં સ્થિતીમાં સુધારો થઈ રહ્યો નથી. હવે હિંસાની સ્થિતીને ધ્યાનમાં લઈને મુખ્યપ્રધાન પિનારાઈ વિજયને કાયદા અને વ્યવસ્થાની સ્થિતી અંગે અહેવાલની માંગ કરી છે. રાજ્યમાં હિંસામાં સેંકડો લોકો ઘાયલ થયા છે. જેમાં પોલીસ જવાનો પણ સામેલ છે.

ચોકીદારની પાછળ હવે ભયભીત ચોર ટોળકી પડી છે : મોદી

ભુવનેશ્વર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભા ચુંટણીને લઈને આક્રમક તૈયારીઓ શરૂ કરી દીધી છે. આના ભાગરૂપે રેલીઓનો દોર શરૂ થઈ ગયો છે. આજે મોદીએ બે રાજ્યોમાં રેલી યોજી હતી. જેપૈકી એક ઝારખંડમાં અને બીજી ઓરિસ્સામાં રેલી કરી હતી. ઓરિસ્સા પહોંચેલા મોદીએ રાજ્યના બારીપદામાં રેલી યોજી હતી. જેમાં કોંગ્રેસની સાથે સાથે નવિન પટનાયક સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે યુપીએ સરકારના ગાળા દરમિયાન પીએમઓની ફાઈલો પણ વચેટીયાઓ સુધી પહોંચી જતી હતી. વીવીઆઈપી હેલિકોપ્ટર કૌભાંડમાં વચેટીયા ક્રિશ્ચન મિશેલના બહાને કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે તેમનો આ વાત સમજાતી નથી કે સરકાર કોંગ્રેસે ચલાવી હતી કે પછી મિશેનલ મામા દ્વારા ચલાવવામાં આવી હતી. મિશેલ મામાના દરબારે સરકાર ચલાવી હોવાનું લાગે છે. અમારી સરકાર દેશની સેનાઓને કાવતરામાંથી બહાર કાઢી રહી છે. જેથી કોંગ્રેસને પીડા થઈ રહી છે. તેમણે કહ્યું હતું કે આજ કારણસર ચોરોની ટોળકી ચોકીદારને રસ્તા પરથી દુર કરવા માંગે છે. કોંગ્રેસ ઉપર પોતાની સરકારના ગાળા દરમિયાન સેનાને નબળી કરવાનો આક્ષેપ કરતા વડાપ્રધાને કહ્યું હતું કે ૨૦૦૪થી લઈને ૨૦૧૪ સુધી કઈ રીતે દેશની સેનાને નબળી કરવાના પ્રયાસ થઈ રહ્યા હતા. દેશના લોકો જોઈ રહ્યા છે. દરેક લોકો ઝીણવટભરી નજરથી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. અમારી સરકાર સેનાને મુશ્કેલમાંથી બહાર કાઢી રહી છે. જેથી વિરોધ પક્ષોની તકલીફ વધી રહી છે. ચોરોની ટોળકી સાથે મળીને ચોકીદારને દુર કરવા માંગે છે. ક્રિશ્ચન મિશેલને કોંગ્રેસના સાથીદાર તરીકે ગણાવીને મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસને આ વાસ્તવિકતા નડી રહી છે. કારણ કે તેમના રાજ દરરોજ ખુલી રહ્યા છે.

ગઈકાલે જ અહેવાલ આવ્યો હતો કે હેલિકોપ્ટર કૌભાંડના વચેટીયા અને કોંગ્રેસના કૌભાંડમાં રાજદાર મિશેલના પત્રથી ખુલાસો થયો છે. તેમના કોંગ્રેસના ટોપના નેતાઓ સાથે સંબંધ છે. તેમની સાથે ઉઠક બેઠક હતી. પીએમઓમાં કઈ ફાઈલ ક્યાં પહોંચી રહી છે તેને દરેક પ્રકારની માહિતી હતી. જેટલી માહિતી વડાપ્રધાન પાસે ન હતી. વચેટીયાઓને ખૂબ વધારે પડતી માહિતી હતી.

પોરબંદરથી ગુમ થયેલ હોય પત્તો આપવા નમ્ર વિનંતી



બાજુની તસ્વીરવાળા પોરબંદરના શીતલબેન સિદ્ધાર્થભાઈ બુદ્ધદેવ ઉ.વ. ૨૫ જેઓ પોરબંદરથી તા. ૨/૧/૨૦૧૯ના ઘરેથી નિકળ્યા બાદ ગુમ થઈ ગયા છે. તેઓ ક્યાંય નજરે ચડે તો મોબાઈલ નં. ૯૯૨૪૪ ૩૩૬૬૬ કે ૯૯૨૪૨ ૩૫૦૪૪ ઉપર સંપર્ક કરવા નમ્ર વિનંતી.

સંપર્ક : જીજ્ઞેષ પોપટ પ્રેસ રીપોર્ટર/ફોટોગ્રાફર, પોરબંદર
મો. ૯૮૭૯૦ ૨૨૧૫૪

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850

ZAVERI

સર્વિસ પ્રોવાઈડર નિમવાના છે

MARKET4U (૨જી.) કંપની ને પોતાના જાહેરાત,મેરેજ, લગ્ન ના ઓન-લાઈન પ્લેટફોર્મ ની સેવાઓ માટે ગુજરાત ના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંક માં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાં ના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યકિતઓ સંપર્ક કરે. (નકાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે)

7575006847, 7575006848
7575006850 (વોટ્સએપ) સમય 10am to 5pm

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

Paras SAREES & DRESS MATERIALS

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેન્સી ₹330
3 સાડી અલબેલી બ્લાઉઝ સાથે ₹450
3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિણે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મબલક કમિશનની ભારીભાર રૂપિયા કામ મુજબ ચપેલ આપકમાંથી ચુકવાશ જશે, જે માટે સાથે ડિજીટલ કોપરક પરથી આપ સમજુ શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રીત થનાર મોટાભાગની આવક કમાવેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો જોડવી કરવી) આપની કોઇ સેલ વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ૩૫૦૦/- (ઓટો જોડવી કરવી) આપની કોઇ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે સેલ વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોઇ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ગુમાવે નો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	100/-	1st	750/-
2nd	70/-	2nd	500/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
Total	290/-	6th	50/-
		Total	1900/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશેષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

રાણપુરમાં દિગંબર સમાજનો સંઘ આવતા મોટી સંખ્યામાં લોકો દિગંબર સાધુના દર્શન કરવા પહોચ્યા

રાણપુરમાં વર્ષો બાદ દિગંબર સાધુ આવતા દરેક સમાજના લોકો દર્શન કરવા પહોચી ગયા





બોટાદ જીલ્લાના રાણપુરમાં ગીરનારી આશ્રમ પાસે નવી આઈ.ટી.આઈ.કોલેજ ખાતે દિગંબર સમાજ નો સંઘ આવી પહોચ્યો હતો દિગંબર સંત આચાર્યશ્રી સુનીલસાગરજી મહારાજ ની નિશ્રા માં અમદાવાદ થી જુનાગઢ સુધી આ સંઘ કાઢવામાં આવ્યો છે આ દિગંબર સંઘ માં ૧૮ સંતો ૪૦ સાધ્વીજી સાથે મોટી સંખ્યામાં ભકતો જાડાયા છે આ અંગે સંઘપતિ સાથે રૂબરૂ વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાત નુ માયાળુ મલક સૌરાષ્ટ્ર માં સિધ્ધક્ષેત્ર ગિરનારની યાત્રા નિમિત્તે પરમ પુજય ચતુર્થ પધ્ધાધીશ આચાર્ય શ્રી સુનીલસાગરજી મહારાજ સંઘ(૪૫ પચ્છી)નો ભવ્ય પ્રવેશ થયેલ છે આ સદભાવના અહિંસા પદયાત્રાનો શુભારંભ અમદાવાદ થી થયો હતો આ પરમ તપસ્વી સંતો ચોવીસ ક્લાક માં ફક્ત એક જ વાર આહાર(ભોજન-પાણી) લે છે સાંજે સાત વાગ્યે મૌન થયા પછી બીજે દીવસે સવારે સાત વાગ્યા સુધી મૌન રહે છે અને પરિપુર્ણ અહિંસા નુ પાલન કરતા પદ વિહાર કરે છે નગ્ન રહીને કેશલોચ કરતા જીવદયાનુ પાલન કરે છે બ્રહ્મચર્ય નુ પુર્ણપણે પાલન કરીને જન જન નુ કલ્યાણ કરનારા આવા તપસ્વી સંતો રાણપુર ને આંગણે આવતા લોકો મોટીસંખ્યામાં દર્શનાર્થે ઉમટીપડ્યા હતા રાણપુર ના દરેક સમાજ ના લોકોએ આચાર્ય સંતશ્રી સુનીલસાગરજી મહારાજ અને અન્ય સંતોના દર્શન કરી લોકો તેમના આશિર્વાદ લઈને ધન્ય થયા હતા.

રાણપુરના નાનીવાવડી ગામે બોટાદ જીલ્લા કોંગ્રેસ સમિતિની મિટીંગ યોજાઈ



બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના નાનીવાવડી ગામે બોટાદ જીલ્લા કોંગ્રેસ સમિતિની મિટીંગ યોજાઈ હતી જેમાં બોટાદ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ, બોટાદ જીલ્લા પંચાયતના પ્રમુખ, રાણપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ, બોટાદ જીલ્લા પંચાયત કોંગ્રેસના સદસ્યો સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો અને હોદ્દેદારો આ મિટીંગમાં હાજર રહ્યા હતા અને આગામી સમયમાં લોકસભા ની ચુટણી આવતી હોય બોટાદ જીલ્લામાં રાણપુર તાલુકામાં કોંગ્રસ વધુ મજબુત બને તે માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી સાથે મિટીંગમાં હાજર તમામ કોંગ્રેસી કાર્યકરોના મંતવ્ય લેવામાં આવ્યા હતા આ સમગ્ર કાર્યક્રમનુ આયોજન રાણપુર તાલુકા કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ અને ખેડુત આગેવાન પ્રતાપભાઈ ડોડીયા દ્વારા કરવામાં આવ્યુ હતુ.

નદીમાં મોટા ખાડા કરી નાખ્યા

રાણપુરની નદીઓમાંથી ઢગલા મોઢે થતી રેતીની ચોરી

રેતી ચોરીથી રેલ્વે પુલ દુર્ઘટનાગ્રસ્ત થવાની ભીતી



બોટાદ જીલ્લાના રાણપુરની ભાદર નદીમાં કોઈ ને પણ લીઝ ન અપાઈ હોવા છતા ખનીજ ચોરો બેફામ બનીને રેતી ચોરી કરી રહ્યા છે નદીઓ એટલી બધ્ધી ખોદી નાખી છે કે જયારે નદીમાં પાણી આવે ત્યારે ક્યાં જળ અને ક્યાં સ્થળે ખાડો છે તે લોકો નક્કી કરી શકતા નથી રાણપુરની નદીઓમાંથી રોજના ૪૦૦ થી ૫૦૦ રેતીના ટ્રેક્ટરો ખાણ ખનીજ વિભાગની અને લાગતા વળગતા તંત્રની મહેરબાની અથવા મિલીભગત વગર શક્ય જ નથી રાણપુરના રેલ્વેના પુલની નજીક થી પણ બેફામ રેતીચોરી થઈ રહી હોવાથી ભવિષ્યમાં રેલ્વેના પુલને પણ નુકસાન થઈ શકે તેવુ સાંભળવા મળેલ છે રેતી ચોરતા શખ્સો ખુલ્લેઆમ કહે છે કે અમે પોલીસ ને,મામલતદાર ને તથા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓને હપ્તા આપીએ છીએ એટલે જ્યા ફરીયાદ કરવી હોય ત્યા કરો અમારૂ કોઈ કશુ બગાડી શકશે નહી તેમ જણાવે છે આ ખનીજચોરો ઉપર કડક માં કડક પગલા ભરવા આવે અને ખનીજ સંપતિ નુ જતન કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

અસરગ્રસ્ત ખેડૂતોની નુકશાની સહાયની અરજીઓ ૧૫મી જાન્યુઆરી સુધી સ્વીકારાશે

ભુજ, કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯માં દુષ્કાળથી અસરગ્રસ્ત તાલુકાઓમાં અછતગ્રસ્ત ખેડૂતોને ૨ હેકટર સુધીની કૃષિ ઈનપુટની સહાય આપવાનું ઠરાવેલ છે. અસરગ્રસ્તોને કૃષિ ઈનપુટ સહાયની અરજી કરવા પુરતી સમયમર્યાદા મળી રહે તથા ભવિષ્યમાં કોઈ અરજદારની અરજી રહી જવા અવકાશ ન રહે તે માટે આવી નુકશાની સબબની અરજીઓ સ્વીકાર કરવા કટ ઓફ ડેટ આગામી તા.૧૫/૧/૨૦૧૯ છેલ્લી તારીખ જાહેર કરવામાં આવી છે. કચ્છ જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોને નિયત નમૂનામાં અરજી ફોર્મ જરૂરી વિગત ભરીને તેની સાથે ૮અ, ૭/૧૨ ની ચાલુ સાલના પાકના વાવેતરની નોંધ સાથેની નકલ, આધાર કાર્ડ તથા બેંક પાસબુકની નકલ IFSC CODE સાથે /રદ કરેલ ચેક જોડીને આપવાની તા.૧૫/૧/૨૦૧૯ નકકી થઈ આવેલ હોઈ, અસરગ્રસ્ત ખેડૂત તા.૧૫/૧/૨૦૧૯ સુધીમાં જે તે ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી પાસે અરજી ફોર્મ જમા કરાવવાના રહેશે. તેમજ ફોર્મ ભરવા અંગે સબંધિત ગ્રામસેવક પણ મદદરૂપ થશે. અત્યાર સુધીમાં અસરગ્રસ્ત ખેડૂતોના કુલ ૨૫,૨૨૫ અરજી ફોર્મ મળી ચૂકયા છે. અને આ કાર્ય સુચારૂ અને ઝુંબેશના રૂપમાં ચાલુ છે. રાજય સરકાર કક્ષાએ ગ્રાંટ ઉપલબ્ધ થયેલ હોઈ, જેના ચૂકવણાની કાર્યવાહી ટુંક સમયમાં ચાલુ કરવામાં આવશે તેવું જિલ્લા ખેતીવાડી અધિકારી, કચ્છ-ભુજની યાદીમાં જણાવાયું છે.

મદદનીશ સરકારી વકીલ તથા પબ્લીક પ્રોસીકયુટરની નિમણુંક માટે વકીલ ઉમેદવારોને અમૂલ્ય તક

ભુજ, કચ્છ જિલ્લામાં ભુજ-કચ્છ ખાતે ૧ (એક) મદદનીશ સરકારી વકીલ/ એડી.પબ્લીક પ્રોસીકયુટરની નવી નિમણુંક કરવાનો રાજય સરકારે નિર્ણય કરેલ છે. જે નવી જગ્યા ભરવા માટે ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૪(૩) તથા લો ઓફીસર્સ રૂલ્સ-૨૦૦૯ના નિયમ ૪(૫) મુજબ પેનલ તૈયાર કરવાની થાય છે. લોઓફિસર્સ-૨૦૦૯ ના નિયમ ૫(૨) પ્રમાણે જણાવ્યા મુજબની લાયકાત ધરાવતા વકીલ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

જિલ્લા કોર્ટમાં ઓછામાં ઓછા ૭ વર્ષથી સક્રિય હોવા જોઈએ. ઉમેદવારની ઉમર ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ. ઉમેદવાર પોતાની નિમણુંકના ઓછામાં ઓછા ૩ વર્ષ પૂર્વેની મુદત માટે આવકવેરા કરદાતા હોવા જોઈએ. આ જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તેવા ઉમેદવારોએ અત્રેની કચેરીએથી, કચેરી સમય દરમ્યાન અરજી ફોર્મ તથા ડેકલેરેશન ફોર્મ મેળવી, નિયત નમૂનામાં પોતાની અરજી સાથે જન્મ તારીખ, અનુભવ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા છેલ્લા ત્રણ વર્ષના આવકવેરા રીર્ટન સામેલ રાખીને રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી/એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષનું ડેકલેરેશન સાથે કલેટકર કચેરી, જિલ્લા સેવાસદન, ભુજને મોડામાં મોડા તા.૨૫/૧/૨૦૧૯ સુધી મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. અધુરી વિગતવાળી અરજી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણા હેઠળ લેવામાં આવશે નહી.

અનુ.જાતિ, અનુસુચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયમોનુસાર અગ્રતા આપવામાં આવશે. આ જાતિના ઉમેદવારોએ જાતિ અંગેનું સંપૂર્ણ વિગતો અરજીમાં આપવી તથા જાતિ અંગેના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સામેલ રાખવી. નિયુકત થયેલ ઉમેદવારોએ ઘી લો ઓફિસર્સ રૂલ્સ તથા રાજય સરકારના વખતો વખતના સુધારા અનુસાર ફી તથા ભથ્થા મળવાપાત્ર રહેશે. ઉમેદવારોને આ બાબતે જયારે ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે ત્યારે તેઓએ પોતાના ખર્ચે અસલ પ્રમાણપત્રો સાથે નિયત તારીખે, સમય અને સ્થળે હાજર રહેવા જિલ્લા મેજીસ્ટ્રેટ રેમ્યા મોહન, કચ્છ-ભુજ દ્વારા જણાવાયું છે.

વેરાવળ ખાતે તા.૮ જાન્યુ.ના રોજ જિલ્લાકક્ષાનું આશા સંમેલન યોજાશે

ગીર સોમનાથઃ ગીર સોમનાથ જિલ્લાકક્ષાનું આશા સંમેલન તા.૮-૧-૧૯ ના રોજ સવારે ૧૦ કલાકે નગરપાલીકાના કોમ્યુનીટી હોલ, ડાભોર રોડ વેરાવળ ખાતે યોજાશે. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રૈયાબેન જાલોંધરાના અધ્યક્ષસ્થાને યોજાનાર આશા સંમેલનમાં રાજય બીજ નિગમના ચેરમેન રાજશીભાઈ જોટવા અને મહાનુભાવોના હસ્તે આશા અને આશા ફેસિલીટીટેટર બહેનોની શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવશે.

વેરાવળ તાલુકાની ટીમ દ્વારા બેટી બચાવો, સુત્રાપાડા તાલુકાની ટીમ દ્વારા આર.એન. ટી.સી.પી, તાલાળા તાલુકાની ટીમ દ્વારા કુટુંબ કલ્યાણ, કોડીનાર તાલુકાની ટીમ દ્વારા એન.વી.બી.ડી.સી.પી, વોટર બોર્ન કંટ્રોલ ડીસીઝ પ્રોગ્રામ, ઉના તાલુકાની ટીમ દ્વારા એન.ટી.સી.પી અને ગીરગઢડા તાલુકાની ટીમ દ્વારા એચ.બી.એન.સી.ના સ્ટોલ રાખવામાં આવશે. જિલ્લાકક્ષાએ પપેટ શો, દોહા અને ગીત રજુ કરનાર બહેનોને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. છ તાલુકાની ટીમ દ્વારા જુદા-જુદા વિષયોને અનુલક્ષીને રોલપ્લે કરવામાં આવશે.

આશા અને આશા ફેસિલીટીટેટર બહેનોની શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રમાણપત્રો એનાયત કરાશે

ઉપરાંત વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાની સાથો સાથ સ્પર્ધામાં પ્રથમ, દ્વતીય અને તૃતીય નંબરે વિજેતાને શિલ્ડ એનાયત કરાશે. પ્રા.આ.કે.દીઠ એક આશા અને તાલુકા દીઠ એક આશા ફેસિલીટીટેટરને બેસ્ટ કામગીરી બદલ પ્રમાણપત્રો આપી બહુમાન કરવામાં આવશે.

જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા આયોજીત આશા સંમેલનમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન તથા પદાધિકારીઓ-અધિકારીઓ અને મોટીસંખ્યામાં આશા બહેનો સહભાગી થશે.

રાજુલા તાલુકાના ફરાર આરોપીને તા.૧૯ સુધીમાં હાજર થવા ગીરગઢડા કોર્ટ દ્વારા જાહેરનામુ

ગીર સોમનાથ, ગીરગઢડા પોલીસ સ્ટેશનમા ઈ.પી.કો.ક. ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો તા.૧૨/૧૧/૦૯ ના ૧૭ કલાકે ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં જાહેર થયેલ છે. આ કામનો આરોપી દિનેશ કનુભાઈ ગજેરા પટેલ રહે. વાવેરા, તા.રાજુલાવાળો આ ગુનો કર્યા બાદથી આજ દિન સુધી નાસતો ફરતો હોય અને પકડાયેલ ન હોય જેથી તેના વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ ૮૨ મુજબ કાર્યવાહી કરવા ગીરગઢડા કોર્ટમાં રીપોર્ટ કરવામાં આવેલ. જે અંગે ગીરગઢડા કોર્ટના આધારમાં જણાવેલ નંબર તારીખથી મજકુર આરોપીને હાજર થવા ફરમાવવાનું જાહેરનામુ કલમ-૮૨ મુજબ તા.૧૯-૧-૧૯ સુધીમાં જ્યુ.ફ.ક.મેજી.સાહેબ ગીરગઢડા કોર્ટમાં જવાબ આપવા હાજર રહેવા જાહેરનામુ બહાર પાડેલ છે. તેમ પો.સબ.ઈન્સ. ગીરગઢડા કે.એન.અઘેરાની યાદીમા જણાવ્યુ છે.



લખપત અને બેટદ્વારકાના ગુરુદ્વારામાં શીખોની ધાર્મિક સંસ્કૃતિ ઉજાગર થશે -મુખ્યમંત્રી રૂપાણી

બે ઐતિહાસિક ગુરુદ્વારાના રૂ. ૧૦ કરોડના ખર્ચથી વિકાસ કામોનું લખપતના પ્રથમ પાતશાહી ગુરુદ્વારામાં કારસેવાથી ખાતમુહૂર્ત કરતા મુખ્યમંત્રી

ગુરુ નાનકજી અને ગુરુ ગોવિંદસિંઘનું જીવન માત્ર શીખ સમાજ માટે નહીં પણ સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને કચ્છ પ્રદેશ અત્યંત પ્રિય છે, તેમણે કરેલા પ્રયત્નોના પરિણામે કચ્છમાં પ્રવાસન પ્રવૃત્તિને ભારે વેગ મળ્યો છે

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ શીખ ધર્મના આદ્યગુરુ ગુરુ નાનક દેવજીની જયાં સ્મૃતિઓ સચવાયેલી છે, એવા કચ્છના લખપતમાં આવેલા પ્રથમ પાતશાહી ગુરુદ્વારા ઉપરાંત તેમના પ્રથમ પાંચ શિષ્યો પૈકીના એક ભાઇશ્રી મોખમસિંહજીના બેટ દ્વારકા ખાતે આવેલા ગુરુદ્વારાના કૂલ રૂ. ૧૦ કરોડના પુનુરોદ્ધાર તથા નવીનીકરણને લગતા વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે એવો વિશ્વાસ દર્શાવ્યો હતો કે આ ગુરુદ્વારામાં શીખોની ધાર્મિક સંસ્કૃતિ ઉજાગર થશે અને માત્ર કોઇ એક જ ધર્મનું નહીં, તમામ લોકોને માટે આસ્થાનું કેન્દ્ર બનશે.

કરસેવા થકી ખાતમુહૂર્ત કર્યા બાદ યોજાયેલી સંગતમાં સંબોધનમાં કરતા મુખ્યમંત્રીએ ઉમેર્યું કે ગુરુ નાનકજીનું જીવન માત્ર શીખ સમાજ માટે નહીં પણ સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે. તેઓ સમગ્ર ભારતીય માટે આદર્શરૂપ છે. તેમાય ગુરુ ગોવિંદસિંઘજીએ ભારતીય સંસ્કૃતિ અને ધર્મના રક્ષણ માટે ઘણો સંઘર્ષ કર્યો હતો. ભારતીય સંસ્કૃતિના ગૌરવ માટે તેમણે પોતાનું સમગ્ર જીવન સમર્પતિ કર્યું હતું. ત્યારે, આવા વીરપુરુષોનો ઇતિહાસ ઉજાગર થાય એવું કરવાની સરકારની પણ જવાબદારી બને છે.

રૂપાણીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને કચ્છ પ્રદેશ અત્યંત પ્રિય છે. તેમણે કરેલા પ્રયત્નોના પરિણામે કચ્છમાં પ્રવાસન પ્રવૃત્તિને ભારે વેગ મળ્યો છે. કચ્છની મુલાકાતે આવેલા પ્રવાસી સફેદ રણની સાથે કાળો ડુંગર પણ ફરે, સ્મૃતિવન-ભૂજિયો ડુંગર, માંડવી, જૈન દેરાસર, બૌદ્ધ સર્કિટની સાથે લખપતના ગુરુદ્વારાના દર્શને આવે એવી સુવિધા અહીં ઉભી કરવામાં આવશે.

પ્રથમ પાતશાહી ગુરુદ્વારા અને બેટદ્વારકા ગુરુદ્વારામાં યાત્રિકોને માટે વિવિધ સવલતો ઉભી કરવામાં આવશે. જેથી યાત્રિકોને કોઇ પણ પ્રકારની મુશ્કેલીનો સમાનો કરવો નહીં પડે. લખપતના ગુરુદ્વારાનો કૂલ રૂ. ૧૭ કરોડના ખર્ચથી વિકાસ થવાનો છે. બાકીની જવાબદારી શીખ સમુદાયે ઉપાડી લીધી છે. તે આવકારદાયક બાબત છે.

મુખ્યમંત્રીએ કચ્છના નાગરિકોને એવી ધરપત આપી હતી કે, ઉનાળામાં પીવાના પાણીની કોઇને પણ તકલીફ નહીં પડવા દેવામાં આવે. પાણી માટે સરકારે નક્કર આયોજન કર્યું છે. તેમણે એવી પણ વિગતો આપી હતી કે, આજે નારાયણ સરોવર સુધી મા નર્મદાના પાણી પહોંચી ગયા છે. આગામી સંક્રાંત સુધીમાં દરિયાના ખારા પાણીને મીઠા બનાવવાના બે પ્લાન્ટ કચ્છમાં મુંદ્રા અને માંડવી ખાતે નાખવાની કામગીરીની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવશે. તે પાણીથી ખેતીમાં ક્રાંતિ આવશે.

વડાપ્રધાનની ૧૫ મુદ્દા અમલીકરણ સમિતિના સભ્ય સુશ્રી પરજીતકૌર છાબડાએ રાજ્ય સરકારનો આભાર માનતા કહ્યું કે, ૩૫૦ સાલાના ગુરુ ગોવિંદસિંઘ પ્રકાશવર્ષની ઉજવણીમાં મુખ્યમંત્રીશ્રીએ આ બે ગુરુદ્વારાનો વિકાસ કરવાની જાહેરાત કરી, તે પાળી બતાવી છે અને ગણતરીના દિવસોમાં તેની કામગીરી શરૂ કરી તે સરકારની સંવેદનશીલતા દર્શાવે છે.

આ વેળાએ રાજ્યમંત્રી વાસણભાઇ આહીર અને સાંસદ વિનોદભાઇ ચાવડાએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

મુખ્યમંત્રી રૂપાણીએ પ્રથમ ગુરુદ્વારાના દર્શન કર્યા હતા અને બાદમાં લંગર પ્રસાદ ગ્રહણ કર્યો હતો. શીખ સમુદાય દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વેળાએ સંતશ્રી લખ્ખાસિંઘજી, અગ્રણીઓ સર્વશ્રી અનિરુદ્ધસિંહ, વિમલભાઇ ગુજરાલ, જુગરાજસિંઘ, રાજુભાઇ સરદાર, રવિભાઇ સુરિ સહિત શીખ સમુદાય મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

ઇતિહાસ

પ્રથમ ગુરુનો પ્રથમ પ્રસાદ એટલે કે ગુરુનાનકજી સાથે જોડાયેલું ગુરુદ્વારા, જેને પ્રથમ પાતશાહી ગુરુદ્વારા કહેવામાં આવે છે. ગુરુ નાનકજી ઉદાશી એટલ કે ધાર્મિક પ્રસાર યાત્રા દરમિયાન લખપત આવ્યા હતા અને કેટલોક સમય અહીં વીતાવ્યો હતો. તેમની બીજી ઉદાશી ઇસવીસન ૧૫૦૬થી ૧૫૧૩ અને ચોથી ઉદાશી ૧૫૧૯ થી ૧૫૨૧ દરમિયાન તેઓ અહીં આવ્યા હતા. તેઓ લખપત બંદરેથી મક્કા ગયા હતા. આ પાતશાહી ગુરુદ્વારામાં તેમની ચાખડી, શણગારેલો હિંચકો સહિતની વસ્તુ દર્શનાર્થે રાખવામાં આવી હતી.

બેટ દ્વારકા ગુરુદ્વારાનો ઇતિહાસ

જામનગર જિલ્લાના બેટ દ્વારકા ખાતે આવેલું ગુરુદ્વારા શીખોના પ્રાચીન ધર્મસ્થાનો પૈકીનું એક છે. આ ગુરુ દ્વારા ભાઇ મોખમસિંઘજી સાથે જોડાયેલું છે. ગુરુનાનકના પંજ પ્યારે એટલે કે પ્રથમ પાંચ શિષ્ય પૈકી એક ભાઇ મોખમસિંઘજી બેટ દ્વારકાના હતા અને ગુરુદ્વારાના સ્થળે તેમનો નિવાસ હતો.

પ્રવાસીઓને શું ફાયદો થશે ?

ભગ્ગનગર લખપત ઐતિહાસિક અને ભૌગોલિક ઘટનાઓને સંગ્રહીને બેઠું છે. સિંધુ નદીના વહેણ આ નગર પાસેથી વહેતા હતા. એક સમયે લખપત બંદરેથી ભરપૂર નિકાસ થતી હતી. એવી ઉક્તિ પ્રચલિત છે કે લખપતમાં એક દિવસે રૂ. એક લાખ રૂપિયાના ભાત બનાવવામાં આવતા હતા. એટલા માટે નગરનું નામ લખપત પડ્યું છે. નગરને ફરતે કિલ્લેબંધી હતી. તે દિવાલો અને કોટ આજેય અજેય, અડીખમ છે. કચ્છ આવતા

પ્રવાસીઓને લખપત આકર્ષે છે. જ્યારે, બેટ દ્વારકા દ્વાપરયુગ કાલિન છે. અહીં પ્રવાસનપ્રવૃત્તિને વેગ મળે એ માટે બન્ને ગુરુદ્વારાના વિકાસ માટે રૂ. ૫-૫ કરોડનું અનુદાન આપવામાં આવ્યું છે. જેમાં નવું ગુરુદ્વારા, સંગ્રહાલય, કિચન, સ્ટોરરૂમ, લંગર હોલ, બગીચો, તળાવનો વિકાસ, ગેસ્ટહાઉસ જેવી સુવિધા ઉભી કરવામાં આવશે. તેની સાથે પ્રવાસન સંલગ્ન રોજગારલક્ષી પ્રવૃત્તિને વેગ મળશે.



હળવદ સ્મશાનમાં ઉભેલા ભુદેવોના પાળીયાઓનો અનોખો ઈતિહાસ, પાળીયાઓનુ નગર એટલે હળવદ

આજે વાત કરવી છે હળવદ જેમનાથી હળવદ પ્રખ્યાત છે તે ભૂદેવોની, હળવદ એટલેના બ્રાહ્મદેવોની નગરી આ નગરીમાં બ્રહ્મભોજનનો ઇતિહાસ છે. બ્રાહ્મણો જમી પણ જાણે અને જમાડી પણ જાણે, શાસત્રોતાર્થ પણ કરી જાણે છે અને ગામને જરૂર પડી ત્યારે શસ્ત્રો પણ ઉપાડી લીધા છે તેની સાબિતી હળવદ સ્મશાનમાં ઉભેલા ભૂદેવોના પાળીયા છે હળવદ એટલે પાળીયાનું નગર પાળીયાઓ લગભગ ૪૦૦૦ ચોરસફૂટ વિસ્તારમાં પથરાયેલા છે.

આ ધરાની લાલ માટી, શું વિષમતા જોઇ જગમાં
ગઇ ધરાની આંખ ફાટી,
આ ધરા નું નૂર એવું
રંક સસલું રાજવીના
અશ્વને દઇ જાય દાટી
આ ધરાની લાલ માટી.

આ પાળીયાઓની વચ્ચો વચ્ચ માંડલીયા રાવલની સતીમા પાસે સંકલ્પ સિધ્ધ હનુમાન પૂજાય છે. માઁ ભવાની પૂજાય છે. સ્વર્ગવાસ થયેલા જીવાત્માઓને અગ્નિસંસ્કાર પણ થાય. સિધ્ધપુરા દવેના સતીમા ×આઇ શામ બા× નું સ્થાનક આવેલું છે જેમાં સંવત્સરી ૧૯૧૧ પોષ સુદ સાતમ તેમની નિર્વાણ તિથિ લખાયેલ છે.

આવા અકબંધ ખંભેખંભા મિલાવી શૌર્યગાથા ગાતા સૌ સૌના વિરપુરુષો અને વિરાંગનાઓ આજે પણ પૂરા અને સાચા વિશ્વાસથી પૂજાય છે.

માટે જ કહેવાય છે.....
પાળીયા અકબંધ ઉભા,
શું મિલાવી સ્કંધ ઉભા,
યુધ્ધ ચડતા વીર કેરી,
વહાણ સમ સીધી
સપાટી.

પલસાણા વિરદેવ મિલમાં ઊંઘતા કારીગર પર કુહાડી ઝિંકી હત્યા

સુરત

પલસાણા સ્થિત એક મિલના કમ્પાઉન્ડમાં સુતેલા એક કામદારની ગતરાત્રે કોઈ અજાણ્યાએ માથામાં કુહાડીના ઘા મારી હત્યા કરી પલાયન થઈ ગયો હતો. હત્યાના બનાવની જાણ કરાતા દોડી આવેલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપીને શોધી કાઢવા વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ચફલા ગામ તાલુકા લાલગંજ જિલ્લા મિર્ઝાપુર ઉત્તર પ્રદેશના વતની બન્ને હાલ પલસાણા ખાતે વિરદેવ મિલમાં કામ કરતા બુધ્ધિબલ શિવકુમાર ગૌતમ (ઉ.વ. ૩૫) રાત્રિ સમયે મિલના કમ્પાઉન્ડમાં સુતા હતા. દરમિયાન તેમની કોઈ અજાણ્યાએ માથાના ભાગે કુહાડી મારી ગંભીર ઈજા પહોંચાડી હત્યા કરી નાસી ગયા હતો. બનાવ અંગે પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે અને હત્યારાને પકડી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે, પરંતુ હત્યારો પોલીસ પકડથી દૂર હોવાનું જાણવા મળેલ છે.

અંકલેશ્વર પબ્લિક સ્કૂલમાં સ્વચ્છતા ઝુંબેશ અંગે કાર્યક્રમ

પલાસ્ટિકની થેલીનો ઉપયોગ બંધ કરવા જાહેર અપીલ

અંકલેશ્વર

અંકલેશ્વર પબ્લિક સ્કૂલ અને અંકલેશ્વર નગર પાલિકાના સંયુક્ત ઉપક્રમે શાળા ખાતે સ્વચ્છતા અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અંકલેશ્વર પબ્લિક સ્કૂલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને ભીનો અને સૂકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં નાંખવા અંગે સમજ અપાઈ હતી. આ ઉપરાંત પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ સદંતર બંધ કરવા અપીલ કરવામાં આવી હતી. આના બદલે કાપડ અથવા શણની થેલીઓ ઉપયોગમાં લેવા અનુરોધ કરી કાપડની થેલીઓનું વિતરણ કરાયું હતું. સ્કૂલના ટ્રસ્ટી અને મુખ્ય સંચાલક નાઝુ ફડવાલાએ પણ સ્વચ્છતા અંગે જાગૃત બનવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં અંકલેશ્વર પાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર રઘુવીરસિંહ મહીડા, સ્ટાફના એજાઝ મલિક, સલીમ સૈયદ ઉપરાંત શાલાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



જય કુંભકાર ॥ સંઘે શક્તિ કલૌયુગે ॥ જય કુંભકાર

સમસ્ત પ્રજાપતિ સમાજ સ્નેહ મિલન
ભરૂચ જિલ્લો
આમંત્રણ પત્રિકા

પ્રતિ, _____

આપશ્રીને જાણ કરતા આનંદની અનુભૂતિ થાય છે કે ભરૂચમાં **દ્વિતીય** વખત આપણા ભરૂચ જીલ્લાના સર્વ ગોળ પ્રજાપતિ સમાજનું સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું છે. તો આપને સહકુટુંબ કાર્યક્રમમાં પધારવા માટે આમંત્રણ છે. આ પ્રયાસને આપ પ્રોત્સાહન આપશો. આપના સૌના સાથ અને સહકારથી સૌ ભેગા મળીને સમાજની સેવા કરીએ, સમાજના ઉત્કર્ષ માટે આપણે સૌ સાથે બેસીને ચિંતન કરીએ, એવી આશા સહ આપને ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

કાર્યક્રમની રૂપરેખા

- દિપ પ્રાગટય
- પ્રસંગોચિત પ્રવચન
- ધોરણ - ૫ થી ૧૨ ના પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન
  (વિદ્યાર્થીએ માર્કશીટની ઝેરોક્ષ કોપી જમા કરાવવી જરૂરી છે.)
- સમાજના અગ્રણીઓનું ઉદ્‌બોધન
- સાંસ્કૃતિક કાર્યક્રમ

તારીખ : ૬-૧-૨૦૧૯, રવિવાર | **સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦**

સ્થળ : શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિર, સરદાર બ્રીજ પાસે, ને.હા.નં. ૮, ઝાડેશ્વર, ભરૂચ

નોંધ : સ્વરૂચી ભોજન સાથે લઈશું.

:સંપર્ક સૂત્રો :

મનુભાઈ પ્રજાપતિ, જંબુસર - 96620 54493
દિવ્યાંસુભાઈ પ્રજાપતિ, ભરૂચ નગર - 99250 17231
રાકેશભાઈ પ્રજાપતિ, વાલીયા, હાંસોટ - 94271 15995
સતિષકુમાર ઓઝા, શક્તિનાથ - 99980 05590
ઈશ્વરભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 94274 13050
ભાવિન પ્રજાપતિ, ઝાડેશ્વર ગામ - 97277 26783
યોગેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -98247 83282
ધિરજભાઈ પ્રજાપતિ, ભરૂચ તાલુકો - 99740 53035
ઉર્વેશભાઈ ગુર્જર, જંબુસર તાલુકો - 96877 68831
નિશાંતભાઈ પ્રજાપતિ, આમોદ તાલુકો - 76000 98903
અરૂણભાઈ પ્રજાપતિ, અંકલેશ્વર તાલુકો - 99042 11664
પ્રકાશભાઈ પ્રજાપતિ, માંડવા વિસ્તાર - 94271 08651
જીતેશભાઈ પ્રજાપતિ, ઝઘડિયા તાલુકો - 99247 15146
જીતુભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94292 84130
જયેશભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94273 16041
અતુલભાઈ પ્રજાપતિ, જંબુસર - 98984 11396
મનિષભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99989 46476
ઉમેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99747 07996
જગદિશભાઈ પ્રજાપતિ, આમોદ - 89802 25857
મુકેશભાઈ પ્રજાપતિ, જુના તવરા - 94284 61033
ધર્મેશભાઈ ગુર્જર, ભરૂચ નગર - 81280 95035
દેવેન્દ્રભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 90999 23463
પ્રફોશભાઈ દલવાડી, સી.ડીવી.પોલીસ સ્ટેશન -98241 24395
પ્રભુદાસભાઈ પ્રજાપતિ, જંબુસર - 99255 47487
રમણાભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 96386 29784

શિવસેનાએ નસીરુદ્દીન શાહની ટીકા કરતા કહ્યું, ભારતમાં માનવાધિકારોનું ઉલ્લંઘન થતું નથી

શુક્રવારે નસીરુદ્દીન શાહે માનવાધિકાર સંસ્થા એમનેસ્ટી ઈન્ટરનેશનલને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, દેશમાં માનવાધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે

મુંબઈ

શિવસેનાના નેતા સંજય રાઉતે જણાવ્યું કે, ભારતમાં કોઈ પણ પ્રકારે માનવાધિકારોનું ઉલ્લંઘન થતું નથી. તેમણે વરિષ્ઠ અભિનેતા નસીરુદ્દીન શાહ દ્વારા આપવામાં આવેલા નિવેદન અંગે જવાબ આપ્યો હતો.

સંજય રાઉતે જણાવ્યું કે, મને નથી લાગતું કે ભારદમાં માનવાધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવતું હોય. ભારતમાં લોકશાહી છે. હું નસીરુદ્દીન શાહજીનું સન્માન કરું છું. તેઓ એક શ્રેષ્ઠ અભિનેતા છે. આજે પણ નસીરુદ્દીન શાહજી તેમને જે કહેવું હોય તે બોલી શકે છે.

ઉલ્લેખનીય છે કે, નસીરુદ્દીન શાહે ૨૦ ડિસેમ્બરના રોજ યુટ્યુબ પર આવેલા એક વીડિયોમાં એવું જણાવ્યું હતું કે, ભારતમાં લોકો તેમના હાથમાં કાયદો લેવા માટે સ્વતંત્ર છે. દેશમાં એક ગાયના મૃત્યુને એક પોલિસ અધિકારીના મોત કરતાં વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે. તેમના આ નિવેદન બાદ મોટો વિવાદ સર્જાય હતો.

હજુ આ વિવાદ શમ્યો નથી ત્યાં શુક્રવારે નસીરુદ્દીન શાહે બીજા એક વીડિયોમાં ફરીથી જણાવ્યું છે કે, ભારત દેશમાં માનવાધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે.

માનવાધિકાર સંસ્થા એમનેસ્ટી ઈન્ડિયા દ્વારા રિલીઝ કરાયેલા એક વીડિયોમાં નસીરુદ્દીન શાહે ભારતમાં માનવાધિકારોના સ્તર અંગે નિવેદન આપ્યું છે. આ વીડિયોમાં શાહ જણાવે છે કે, 'અમારા દેશનું બંધારણ અમને બોલવાની, વિચારવાની, કોઈ પણ ધર્મને પાળવાની અને પ્રાર્થના કરવાની મંજૂરી આપે છે. પરંતુ, આજે દેશમાં ધર્મના નામે નફરતોની એક દિવાલ ઊભી કરવાનમાં આવી રહી છે. જો લોકો આ અન્યાય સામે અવાજ ઉઠાવે છે, તેમને તેની સજા આપવામાં આવે છે.'

શાહે વધુમાં જણાવ્યું છે કે, આ દેશમાં કલાકાર, અભિનેતા, ગીતકાર, બુદ્ધિજીવી અને પત્રકાર સહિત ભિન્ન મત ધરાવતા લોકોને ચૂપ કરાવાઈ રહ્યા છે.

ઉર્દૂ ભાષાના આ વીડિયોમાં નસીરુદ્દીન શાહ કહે છે કે, હમારા દેશ કહાં જા રહા હૈ? ક્યા હમને ઐસે દેશ કા સપના દેખા થા જહાં અસંતોષ કી કોઈ જગહ નહીં હૈ, જહાં કેવલ અમીર ઔર શક્તિશાલી લોગોં કો સુના જાતા હૈ ઔર જહાં ગરીબોં વ સબસે કમઝોર લોગોં કો દબાયા જાતા હૈ? જહાં કભી કાનૂન થા, લેકિન અબ બસ અંધકાર હૈ.

૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં

રામ મંદિર નહીં, રોજગારી ચૂંટણી એજન્ડા હશે:રાહુલ

નવીદિલ્હી

રાફેલ વિવાદની વચ્ચે રાહુલ ગાંધીએ ગઈકાલે પહેલીવાર રામ મંદિર મુદ્દે વાત કરી. તેઓએ ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં રામ મંદિરને કોંગ્રેસ પાર્ટીનો ચૂંટણી એજન્ડ હોવાની વાતને પાયાથી નકારી દીધો છે. તેમનું કહેવું છે કે, લોકસભા ચૂંટણી માટે રામ મંદિર કોંગ્રેસનો મુદ્દો નથી. રાહુલે કહ્યું કે, ૨૦૧૯ ચૂંટણીમાં ભ્રષ્ટાચાર, બેકારી અને લોકોની સામાન્ય સમસ્યાઓ મોટા મુદ્દા હશે, રામ મંદિર અમારા એજન્ડામાં નથી.

ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટમાં શુક્રવારે અયોધ્યા જમીન વિવાદ મામલે સુનાવણી ૧૦ જાન્યુઆરી સુધી ટાળી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું કે સુનાવણી માટે એક ઉપયુક્ત બેન્ચની રચના કરવામાં આવશે.

આમ ભલે રાહુલ ગાંધીએ રામ મંદિરને મોટો મુદ્દો માનવાનો ઈન્કાર કરી દીધો છે પરંતુ તે રાફેલ ડીલ મુદ્દાને વધુ ઉગ્રતાથી ઉઠાવવાના મૂડમાં લાગી રહ્યા છે. શુક્રવારે તેમણે ફરી એક વાર આક્રમક અંદાજમાં પોતાનો સવાલ ફરી પૂછ્યો અને મોદી સરકાર પર હુમલો કર્યો. રાહુલ ગાંધીએ અરુણ જેટલી પર ગાળો આપવાનો આરોપ પણ લગાવ્યો. રાહુલે કહ્યું કે, અરુણ જેટલીએ લાંબું ભાષણ આપ્યું, મને ગાળો આપી પરંતુ મારા સવાલોના જવાબ ન આપ્યા.

પીએમ મોદીને લોકસભામાં ચર્ચાનો પડકાર આપતા રાહુલે કહ્યું કે, પીએમ મોદી રાફેલ પર ચર્ચાથી ભાગી રહ્યા છે. આ પહેલા ગુલાબ નબી આઝાદે પણ પીએમ પર રાફેલ સ્કેમ પર પડદો નાખવાના પ્રયાસનો આરોપ લગાવ્યો હતો. બીજી તરફ, કોંગ્રેસ સાંસદ મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો કે સુપ્રીમ કોર્ટમાં સરકારે ખોટી એફિડેવિટ રજૂ કરી છે.

અમદાવાદમાં પેટ્રોલમાં ૧૫ પૈસાનો જ્યારે ડીઝલમાં ૧૮ પૈસાનો ઘટાડો

અમદાવાદ

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત થઈ રહેલ ઘટાડાએ નાગરિકોને રાહત આપી છે. અમદાવાદમાં પાંચમી જાન્યુઆરીએ પણ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો જોવા મળ્યો છે. આજે અમદાવાદમાં પેટ્રોલની કિંમતમાં ૬૫ પૈસા જ્યારે ડીઝલની કિંમતમાં ૧૯ પૈસાનો ઘટાડો નોંધાયો છે. નવી કિંમત લાગુ થયા બાદ અહીં પેટ્રોલ ૬૫.૮૩ રૂપિયા પ્રતિ લીટર દીઠ જ્યારે ડીઝલ ૬૫.૦૫ રૂપિયા પ્રતિ લીટર દીઠ વેંચાઈ રહ્યું છે.

માત્ર અમદાવાદમાં જ નહિ બલકે ચારેય મહાનગરોમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં મહદઅંશે રાહતના સમાચાર મળ્યા છે. દિલ્હીમાં આજે પેટ્રોલની કિંમતમાં ૧૫ પૈસાનો જ્યારે ડીઝલની કિંમતમાં ૧૮ પૈસાનો ઘટાડો જોવા મળ્યો છે. નવી કિંમતો લાગુ થયા બાદ દિલ્હીમાં પેટ્રલો ૬૮.૨૯ રૂપિયા પ્રતિ લીટરે વેંચાઈ રહ્યું છે જ્યારે ડીઝલ ૬૨.૨૬ રૂપિયા પ્રતિ લીટરની સપાટી પર વેંચાઈ રહ્યું છે.

જો ચેન્નઈની વાત કરીએ તો આજે ચેન્નઈમાં પણ પેટ્રોલ અને ડીઝલની કિંમતોએ રાહત આપી છે. ચેન્નઈમાં આજે પેટ્રોલની કિંમતમાં ૧૬ પૈસાનો ઘટાડો નોંધાયો છે જ્યારે ડીઝલની કિંમતમાં ૧૯ પૈસાની રાહત મળી છે. નવી કિંમતો લાગુ થયા બાદ ચેન્નઈમાં પેટ્રોલ ૭૦.૮૫ રૂપિયા પ્રતિ લીટરે વેંચાઈ રહ્યું છે જ્યારે ડીઝલ ૬૫.૭૨ રૂપિયા પ્રતિ લીટરે વેંચાઈ રહ્યું છે.

મુંબઈકરોને આજે પણ પેટ્રોલ અને ડીઝલની કિંમતોએ રાહત આપી છે. મુંબઈમાં આજે પેટ્રોલની કિંમતમાં ૧૫ પૈસાનો ઘટાડો નોંધાયો છે જ્યારે ડીઝલની કિંમતમાં ૨૦ પૈસાનો ઘટાડો જોવા મળ્યો છે. નવી કિંમત લાગુ થયા બાદ મુંબઈમાં આજે પેટ્રોલ ૭૩.૯૫ રૂપિયા પ્રતિ લીટરે જ્યારે ડીઝલ ૬૫.૧૪ રૂપિયા પ્રતિ લીટરે વેંચાઈ રહ્યું છે.

ચીને અમેરિકાથી શક્તિશાળી મધર ઓફ ઓલ બોમ્બ બનાવ્યો

બેજીંગ

હાલ દુનિયાની મહાસત્તા વચ્ચે હથિયારોની હરિફાઈ જામી છે. એક પછી એક દેશ પોતાની શક્તિનું પ્રદર્શન કરી આડકતરી રીતે અન્ય દેશોને ડરાવવાનો પ્રયાસ કરે છે. હાલમાં જ રશિયાએ શક્તિશાળી મિસાઈલનું પરિક્ષણ કર્યું તો અમેરિકા પોતાની પાસે સૌથી શક્તિશાળી બોમ્બ હોવાનો દાવો કર્યો. હવે ચીને પણ શક્તિશાળી બોમ્બનું પરિક્ષણ કર્યું છે. કહેવામાં આવે છે કે આ બોમ્બ અમેરિકાના બોમ્બથી પણ શક્તિશાળી છે.

અમેરિકાના મધર ઓફ ઓલ બોમ્બ અને રશિયાના ફાધર ઓલ બોમ્બ બનાવવાના દાવા બાદ હવે ચીને પણ 'મધર ઓફ ઓલ બોમ્બ' બનાવવાનો દાવો કર્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ચીનનો દાવો છે કે, તેની ટીમે તૈયાર કરેલા સૌથી શક્તિશાળી નોન-એટોમિક 'મધર ઓફ ઓલ બોમ્બ' અમેરિકાના મધર ઓફ ઓલ બોમ્બનો જવાબ છે.

ધડેલીના રિપોર્ટ અનુસાર, એડિશનલ તરીકે તૈયાર કરવામાં આવેલા આ બોમ્બની વિનાશકારી ક્ષમતાના કારણે તેનું નામ મધર ઓફ ઓલ બોમ્બ આપવામાં આવ્યું છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે, આ પરમાણુ હથિયારો બાદ બીજું સૌથી ઘાતક હથિયાર છે. આનાથી થનારો વિનાશ લગભગ પરમાણુ બોમ્બ જેવો જ થશે.

આ અત્યંત ઘાતક બોમ્બને એચ-૬કે એરક્રાફ્ટથી ફાયર કરવામાં આવ્યો, જેના કારણે એક વિશાળ વિસ્ફોટ થયો. ચીને નોર્થ ઈન્ડસ્ટ્રી ગ્રુપ કોર્પોરેશન લિમિટેડ (NORINCO)ની વેબસાઈટ પર ડિસેમ્બરના અંતમાં એક વીડિયો જાહેર કરીને તેની સુચના આપી. ચીનની સરકારી સમાચાર એજન્સી શિન્હુઆ અનુસાર, આ પ્રથમ વખત બન્યું છે જ્યારે સાર્વજનિક રીતે કોઈ નવા બોમ્બની વિનાશકારી શક્તિઓને દર્શાવવામાં આવી હોય. ઉલ્લેખનીય છે કે અમેરિકાએ અફઘાનિસ્તાનમાં આઈએસઆઈએસ વિરૂદ્ધ પહેલીવાર વિશ્વના સૌથી શક્તિશાળી નોન-એટમિક બોમ્બ જીબીયુ-૪૩નો ઉપયોગ કર્યો હતો. આ બોમ્બને મધર ઓફ ઓલ બોમ્બ તરીકે ઓળખવામાં આવે છે.

મુસ્લિમોનાં ઓપરેશન પહેલા

સરકારી ડોક્ટર્સ દાઢી કપાવવા માટે દબાણ કરે છે: સપા નેતા રઈસ શેખનો આરોપ

બૃહન્મુંબઈ મહાનગર પાલિકામાં સપા નેતા રઈસ શેખે ડોક્ટર્સ પર ગંભીર આરોપ લગાવ્યા હતા

મુંબઈ

સમાજવાદી પાર્ટી (સપા)નાં નેતા રઈસ શેખે દાવો કર્યો કે અહીંના સરકારી હોસ્પિટલમાં ડોક્ટર મુસ્લિમ દર્દીઓની સર્જરી પહેલા દાઢી કપાવીને આવવા જણાવે છે. શેખે આ પરંપરાને બંધ કરવા માટેની ભલામણ કરી રહ્યા છે. બૃહન્મુંબઈ મહાનગર પાલિકા (મ્સ્ઝ)માં સપાના પ્રમુખ નેતા શેખે પેટા ચૂંટણી અજય મેહતાને પત્ર લખીને તેમનું ધ્યાન આ પરંપરા તરફ આકર્ષિત કરી છે. તેમણે તેને અસ્વીકાર્ય ગણાવ્યું હતું.

પત્રમાં તેમણે દાવો કર્યો કે બીએમસી સંચાલીત હોસ્પિટલોનાં ડોક્ટર મુસ્લિમ દર્દીઓ સામે મામુલી ઓપરેશન પણ દાઢી કપાવીને આવવા માટે કહે છે. સમાજવાદી પાર્ષદ રઈસ શેખ દ્વારા ઉઠાવાયેલી આ માંગના સમર્થનમાં પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અબુ આઝમી પણ પુરજોર સમર્થનમાં આવી ચુક્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે માત્ર મુસ્લિમોની જ દાઢી સારવારનાં નામે કાપવામાં આવી રહી છે. કોઈ સાધુ સંત અને અન્ય ધર્મનાં લોકોની દાઢી કાપવામાં નથી આવી રહી.

અબુ આઝમી ઘણીવાર વિવાદિત નિવેદન આપતા રહે છે. એકવાર ફરીથી વિવાદિત નિવેદન આપતા તેમણે આ મુદ્દાને ધર્મ સાથે જોડ્યો અને કહ્યું કે, આ ડોક્ટર્સ કસાઇ છે. બીએમસી હોસ્પિટલમાં મુસ્લિમ પુરૂષોની દાઢી જાણીબુઝીને કાપવામાં આવી રહી છે, જ્યારે પ્રાઈવેટ હોસ્પિટલમાં જ્યારે જરૂર હોય છે ત્યારે જ દાઢી કાપવામાં આવે છે. સપા નેતાએ આ નિવેદન બાદ મહારાષ્ટ્રમાં રાજકારણ થવા લાગે છે. ભાજપ નેતા અને રાજ્યનાં મેડિકલ શિક્ષણ મંત્રી ગિરીશ મહાજને આ માંગને અયોગ્ય અને રાજનીતિથી પ્રેરિત ગણાવી છે. તેમણે કહ્યું કે, સ્વાસ્થયને ધર્મ સાથે ન જોડવામાં આવવું જોઈએ, ડોક્ટર્સનાં નિર્ણમાં ધર્મને ન લાવવો જોઈએ.

યુપી લોકસભા ૨૦૧૯ માટે સપા અને બસપા વચ્ચે સમજૂતી સધાઈ

નવીદિલ્હી

લોકસભા ઈલેક્શન ૨૦૧૯ને લઈને તમામ પાર્ટીઓ પોતાપોતાના સ્તર પર કામે લાગી ગઈ છે. સૂત્રોના હવાલાથી કહેવામાં આવી રહ્યું છે કે, સમાજવાદી પાર્ટી (સપા) પ્રમુખ અખિલેશ યાદવ અને બહુજન સમાજ પાર્ટી (બસપા) પ્રમુખ માયાવતીની વચ્ચે શુક્રવારે દિલ્હીમાં બેઠક થઈ. આ દરમિયાન બંને નેતાઓએ લોકસભા ઈલેક્શનને લઈને પોતપોતાની રણનીતિ પર ચર્ચા કરી. સૂત્રોના અનુસાર કહેવામાં આવી રહ્યું છે કે, આ બેઠકમાં રણનીતિ બને છે કે, બંને પાર્ટીઓ ૩૫-૩૫ સીટો પર પોતપોતાના ઉમેદવાર ઉતારશે. તો કોંગ્રેસને ગઠબંધનમાં સામેલ ન કરવા પર હાલ સપા-બસપા પર સહમતિ બની છે. ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશમાં લોકસભાની કુલ ૮૦ સીટ છે. સૂત્રોનું કહેવું છે કે, બંને નેતાઓ વચ્ચે અંદાજે દોઢ કલાક સુધી મીટિંગ ચાલી હતી. તેમાં સપા મહાસચિવ પ્રો. રામગોપલ યાદવ પણ અખિલેશ સાથે મોજૂદ રહ્યા હતા. આ દરમિયાન આગામી ઈલેક્શનમાં યુપીમાં સપા-બસપા ગઠબંધન પર ચર્ચા થઈ હતી. સાથે જ સીટ પર વહેંચણી અંગે પણ વાતચીત થઈ હતી. આ દરમિયાન સીટ માટે નવા ફોરમ્યુલા પણ વાત કરાઈ હતી.

થાઈલેન્ડનું ચક્રવાતી તોફાન પાબુક અંદમાન તરફ ફંટાતા યલો વોર્નિંગ

નવીદિલ્હી

થાઈલેન્ડના અખાતમાં સર્જાયેલું ચક્રવાતી તોફાન પાબુક હવે પશ્ચિમ ઉત્તર- પશ્ચિમ દિશામાં અંદમાન તરફ ફંટાઈ જતા હવામાન વિભાગે આ વિસ્તારમાં યલો વોર્નિંગ જારી કરી છે. આ તોફાન હાલ પોર્ટ બ્લેયરથી લગભગ ૮૦૦ કિમી દુર છે.તેથી આ ચક્રવાતી તોફાન આજે અંદમાનના સાગરમાં પહોંચી જાય તેવી સંભાવના છે.તેમાં પ્રતિ કલાક ૯૦ કિલોમીટરની ઝડપથી પવન સાથે વરસાદ પડવાની સંભાવના જણાવાઈ છે.

થાઈલેન્ડનું ચક્રવાતી તોફાન પાબુક અંદમાન સાગરમા આવ્યા બાદ તોફાન તેની દિશા બદલી નાખી ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ તરફ જઈને અંદમાન દ્વિપ સમુહ તરફ ફંટાઈ જશે. આવી સ્થિતિમાં હવામાન વિભાગે અંદમાન દ્વિપ સમુહના વિસ્તારો માટે યલો વોર્નિંગ જારી કરી છે.હવામાન વિભાગના સાઈકલોન સેન્ટરના જણાવ્યા અનુસાર ચક્રવાતી તોફાન પાબુક આવતીકાલે સાંજે અથવા રાતે અંદમાન દ્વિપ સમૂહને પાર કરી લેશે. આ દરમિયાન પ્રતિ કલાક શરૂઆતમા ૭૦ થી ૮૦ કિમી અને બાદમાં ૯૦ કિમીની ઝડપથી પવન ફુકાય તેવી સંભાવના છે. જોકે બાદમાં આ તોફાન ફંટાઈને મ્યાંનમાર બંદર તરફ વળી જશે. અને સાત અથવા આઠ જાન્યુઆરીએ બંગાળના અખાતમાં નબળુ પડી જાય તેવી પણ સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે અંદમાન દ્વિપ સમુહના મોટાભાગના વિસ્તારોમાં આજે સાંજથી વરસાદ શરૂ થઈ શકે તેમ છે. આ ઉપરાંત આવતીકાલે જ્યારે આ ચક્રવાતી તોફાન પાબુક અંદમાન દ્વિપ સમુહ પરથી પસાર થશે ત્યારે પવનની ગતિ પ્રતિ કલાક ૯૦ કિમી થઈ શકે તેમ છે.

હવામાન વિભાગે ચક્રવાતી તોફાનના કારણે માછીમારોને દરિયામાં નહિ જવાની સલાહ આપી છે. તેમજ આ વિસ્તારમાં રહેલા સહેલાણીઓને પણ સુરક્ષિત સ્થળોએ જ રહેવા જણાવ્યુ છે. આ ઉપરાંત આ વિસ્તારમાં રહેતા લોકોને પણ સલામત સ્થળે પહોંચી જવા જણાવ્યુ છે.અને આ વિસ્તાર માટે જે યલો વોર્નિંગ આપવામા આવી છે તે મુજબ સુરક્ષિત સ્થળે જ રહેવા જણાવાયુ છે.

ઘોઘા-દહેજ બાદ દીવ અને દમણ વચ્ચે વધુ એક રો-રો ફેરી સર્વિસ શરુ કરાશે: માંડવિયા

નવીદિલ્હી

કેન્દ્રીય પરિવહન રાજ્યમંત્રી મનસુખ માંડવિયાએ જાહેરાત કરી હતી કે કેન્દ્રશાસિત પ્રદેશ દીવ અને દમણને જોડવાની કેન્દ્ર સરકાર કામગીરી કરશે. જેનાં ભાગરૂપે દીવ અને દમણ વચ્ચે ફેરી સર્વિસ શરૂ કરવામાં આવશે.

હિતેન વિઠલાણી, દિલ્હી: દીવ અને દમણવાસીઓ સહિત ગુજરાતીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. જેમાં કેન્દ્રીય પરિવહન રાજ્યમંત્રી મનસુખ માંડવિયાએ જાહેરાત કરી હતી કે કેન્દ્રશાસિત પ્રદેશ દીવ અને દમણને જોડવાની કેન્દ્ર સરકાર કામગીરી કરશે. જેનાં ભાગરૂપે દીવ અને દમણ વચ્ચે ફેરી સર્વિસ શરૂ કરવામાં આવશે.

આ અગાઉ પણ કેન્દ્ર સરકાર ઘોઘા-દહેજમાં રો-રો ફેરી શરૂ કરી ગુજરાતવાસીઓનું સ્વપન પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ હેવ દમણ અને દીવ વચ્ચે રો-રો ફેરી સર્વિસનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. ફેરીનાં માધ્યમથી દીવ અને દમણ વેચ્ચનું અંતર ૬૦૦ કિમીનું અંતર ઘટીને ૨૦૦ કિમી અંતર થશે. મુસાફરીનો સમય ૧૦ કલાકથી ઘટીને ૪ કલાકનો થશે.

આગામી મે મહિનાથી દીવ અને દમણ વચ્ચે ફેરી સર્વિસની શરૂઆત કરવામાં આવશે. શિપીગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. ફેરી સર્વિસ માટે ઓપરેટર સિલેક્ટ કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. મંત્રાલય વડે ટેન્ડર બહાર પાડી ફેરી ઓપરેટરની પસંદગી કરવામાં આવશે.

આ અંગે કેન્દ્રીય પરિવહન રાજ્યમંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે ગુજરાતનો દરિયાકાંઠો દશકો સુધી ઉપેક્ષીત રહ્યો છે, અને ગુજરાતનાં દરિયાકાંઠાને વિકાસનું માધ્યમ બનાવ્યું છે. રો-રો ફેરી જેવી સુવિધાથી ગુજરાતનાં વિકાસને બળ મળશે, સાથે સાથે સ્થાનિક રોજગારી સાથે ઈંધણ અને સમયની પણ બચત થશે.

ધિરાણદારોને રાહત મળે તેવા પગલા લેવાશે

બજેટમાં મોટાપાયે સુધારા બેંકિંગ ક્ષેત્રે કરી શકાય છે

જાહેર ક્ષેત્રની બેંક માટે રાહતજનક પગલાઓ લેવાઈ શકે

નવી દિલ્હ

પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ થનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વર્તમાન સરકારના અંતિમ બજેટમાં બેકિંગ ક્ષેત્રે પણ કેટલાક નવા પગલા લેવામાં આવી શકે છે. નાણાં પ્રધાન અરૂણ જેટલી સતત છઠ્ઠી વખત સામાન્ય બજેટ રજૂ કરનાર છે. આને પૂર્ણ બજેટ તરીકે ગણવામાં આવશે નહીં કારણ કે હવે લોકસભાની ચૂંટણી પણ આવી રહી છે. જો કે આમાં પણ સરકાર સાવચેતી રાખી શકે છે. બજેટમા જાહેર ક્ષેત્રના ધિરાણ આપનાર માટે વધુ રાહત મળી શકે છે.સાથે સાથે ક્રેડિટ ગ્રોથને વધારવા માટે વધારાની મૂડી બેંકિંગ સેક્ટરમાં ઠાલવવામાં આવી શકે છે. ૧૭ જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી ક્ષેત્રની બેંકો અને વિદેશી બેંકોનું પ્રતિનિધિત્વ કરનાર લોકોને આવરી લઈને કરવામાં આવેલા ફિક્કી-આઈબીએ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, બાવન ટકા લોકો માને છે કે, ક્રેડિટ ડિમાન્ડને વધારવા માટે બજેટમાં પગલા જાહેર કરવામાં આવી શકે છે. નોટબંધી બાદ રોકડ કટોકટી ઉભી થઈ હતી જેના પરિણામ સ્વરુપે વપરાશમાં ઘટાડો થયો હતો.

આ વખતે ક્રેડિટ ડિમાન્ડમાં વધારો કરવામાં આવી શકે છે જેના લીધે આર્થિક પ્રવૃત્તિઓમાં તેજી આવી શકે છે. અગાઉના સર્વેમાં જાણવા મળ્યું હતું કે, નોટબંધી બાદ સરકાર દ્વારા નવા પાસા પર વિચારણા કરવામાં આવી રહી છે. બેઝલ-૩ ધારાધોરણ હેઠળ મૂડી જરૂરિયાતોનો પહોંચી વળવામાં આનાથી મદદ મળશે બજેટમાં બેંકોને વપરાશ માંગ વધારવા માટે પ્રોત્સાહન આપવામાં આવી શકે છે. કોર્પોરેટમાં ઘટાડા મારફતે રોકાણમાં વધારો પણ કરવામાં આવી શકે છે. બેકિંગ સેક્ટરમાં નવા પ્રાણ ફુંકવા માટે છેલ્લા કેટલાક સમયથી પ્રયાસ કરવામાં આવી રહ્યા છેય. જંગી નાણાં પણ બેકિંગમાં ઠાલવી દેવાની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી ચુકી છે. હાલમાં તમામ જાહેર ક્ષેત્રની બેકોને જંગી નાણાં આપવાની જાહેરાત કરાઈ હતી.બેકિંગ ક્ષેત્રની હાલત હાલમાં વધારે સારી નથી. બેકોના મર્જરના સુચિત પ્રયાસના કારણે બેકિંગ કર્મચારીઓ નારાજ દેખાઈ રહ્યા છે. આને લઈને હડતાળ પણ પાડવામાં આવી ચુકી છે. આવી સ્થિતીમાં બેકિંગ કર્મચારીઓમાં રાહત આપવા માટે સરકાર કેવા પગલા લે છે તે બાબત પર તમામની નજર રહી શકે છે. બેકિંગ ક્ષેત્રમાં વધુ નાણાં ઠાલવવા માટેની જાહેરાત તો પહેલાથી જ કરવામાં આવી ચુકી છે.

તીથલ બીચ થી ડી.એસ.પી. કચેરી વલસાડ સુધીનો માર્ગ રૂા.૧૨ કરોડના ખર્ચે ચારમાર્ગીય બનાવાશે

આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે ખાતમુહૂર્ત કરાયું





વલસાડઃ વલસાડના તીથલ બીચથી વલસાડ ડી.એસ.પી. કચેરી સુધીનો માર્ગ રૂા. ૧૨ કરોડના ખર્ચે ચારમાર્ગીય બનાવવામાં આવશે. આ રસ્તાની કામગીરીનું ખાતમુહૂર્ત તિથલરોડ-જકાતનાકા ખાતે વન અને આદિજાતિ રાજ્ય મંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરવામાં આવ્યું હતું.

આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, ગુજરાત વિકાસનું મોડેલ બની રહયું હોવાનું જણાવી ગુજરાતના સર્વાંગી વિકાસ માટે પૂરતું બજેટ ફાળવણી કરવામાં આવે છે, જે પૈકી ૨૮ ટકા રકમ સિંચાઈ માટે ફાળવવામાં આવી છે. ગ્રામ્યસ્તરે પણ દરેક પ્રકારના કામો માટે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે, જેના થકી ગામડાઓમાં પણ રસ્તા, પાણી અને વીજળીની સગવડો ઉપલબ્ધ બની છે. આદિવાસી ક્ષેત્રોના વિકાસ માટે કરોડો રૂપિયાની ફાળવણી કરાઈ છે. સુવ્યવસ્થિત આયોજનના કારણે ગુજરાત વિકાસના માર્ગે પૂરપાટ ઝડપે ચાલી રહયું છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ દરેક ગામોમાં પાકા રસ્તા બનાવાયા છે. વિકાસની સાથે રોજગારીની તકો આપવામાં પણ રાજક્ષ્ય સરકાર સતત કાર્યરત છે. નોટબંધીના કારણે આતંકવાદને નાથવામાં સફળતા મળી હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

સાંસદ ડો.કે.સી.પટેલે કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલા વિકાસકાર્યોની રૂપરેખા આપી હતી. વલસાડ આર.પી.એફ. પાસેનો ઓવરબ્રીજ મલ્ટીલેયર બનાવા તેમજ ઔરંગા નદી ઉપર રીવરફ્રન્ટ બનાવવાનું પણ આયોજન હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

આ અવસરે વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલે વલસાડ-તિથલ રસ્તાની ટ્રાફિક સમસ્યાને ધ્યાને રાખી ચારમાર્ગીય કરવાની કામગીરી કરવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું. વલસાડ તાલુકામાં થયેલા વિકાસકાર્યોની રૂપરેખા આપી હતી.

વલસાડ નગરપાલિકા પ્રમુખ પંકજભાઈ આહિરે પ્રાસંગિક ઉદબોધનમાં શહેરના વિકાસ માટે રાજ્ય સરકારે આપેલ સહયોગ બદલ અભિનંદન પાઠવી ચારમાર્ગીય રસ્તો બનવાથી ટ્રાફિક સમસ્યા હળવી બનશે, તેમ જણાવ્યું હતું.

પારડી ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ સ્વચ્છ ભારત અભિયાન, સહિત રાજ્યની જનતાની સુખાકારી માટે રાજ્ય સરકાર અનેકવિધ કાર્યો કરી રહી છે, જેમાં સૌને સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

નાયબ કાર્યપાલક ઈજનેર નિખીલભાઈએ રસ્તાની કામગીરીની રૂપરેખા આપી કામગીરી માટે વલસાડની જનતાના સહકારની અપેક્ષા વ્યકત કરી હતી.

આ અવસરે સાંસદ ડો.કે.સી.પટેલ, વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણ, પ્રાંત અધિકારી કે.જે. ભગોરા, કાર્યપાલક ઈજનેર એમ.એમ. ચૌધરી, નાયબ કાર્યપાલક ઈજનેર પાંચાલ, તાલુકા પંચાયત પ્રમુખ પ્રિયંકાબેન પટેલ, સોનલબેન સોલંકી, પ્રવિણભાઈ પટેલ, પ્રકાશભાઈ આહિર, નગરજનો હાજર રહયા હતા.



અઠવાલાઈન્સ સ્થિત પી.ડી.મિહલા કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા કોલેજ સંકુલમાં આજે ગ્રુપ ડેની ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ વિદ્યાર્થીનીઓના ગ્રુપ દ્વારા એક સરખ વસ્ત્રો પહેરી કોલેજમાં ગ્રુપ ડે ઉજવવામાં આવ્યો હતો.

તારીખ ૧૫ નવેમ્બર-૨૦૧૮થી તા. ૫ જાન્યુઆરી-૨૦૧૯ દરમિયાન

રાજ્યભરના ૧,૨૫,૫૦૨ ખેડૂતો પાસેથી રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળીની ખરીદી

રાજ્ય સરકારે ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો ખેડૂત કલ્યાણલક્ષી નિર્ણય લીધો છે અને તારીખ ૧૫ નવેમ્બર-૨૦૧૮થી તા.૫ જાન્યુઆરી-૨૦૧૯ સુધીમાં રાજ્યભરમાં ૧,૨૫,૫૦૨ ખેડૂતો પાસેથી રૂ.૧,૨૫૩.૨૫ કરોડની કિંમતની ૨૫,૦૬,૫૧૨ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. તા. ૫ જાન્યુઆરી-૨૦૧૯ની સ્થિતિએ કુલ ૯૨,૬૭૬ ખેડૂતોને રૂા.૯૩૨.૪૬/- કરોડનું ચૂકવણું પણ કરવામાં આવ્યું છે.

રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડના નાયબ જિલ્લા મેનેજરશ્રીના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા ખરીફ સીઝન ૨૦૧૮-૧૯ માટે લઘુતમ ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે તા.૧૫/૧૧/૨૦૧૮થી ખરીદી શરૂ કરાઇ છે. મગફળીના ખરીદ કેન્દ્ર તરીકે જાહેર કરાયેલા રાજ્યભરના કુલ ૧૨૨ એપીએમસી સેન્ટર ખાતે સંબંધિત જિલ્લા કલેકટરશ્રી દ્વારા તા. ૧લી નવેમ્બર-૨૦૧૮થી ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળી ખરીદવા માટે ખેડૂતોની નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ નોંધણીના ક્રમાનુસાર સરકારના નિયમ મુજબ રોજની ૨,૫૦૦ કિ.ગ્રા.ની મર્યાદામાં મગફળી લાવવા ખેડૂતોને એસએમએસથી જાણ કરવામાં આવી હતી. જેના કારણે જે તે વિસ્તારના ખેડૂતો જે તે વિસ્તારના એપીએમસી સેન્ટર ખાતે મગફળી વેચાણ માટે પહોંચ્યા હતા.

આ પ્રક્રિયા અંતર્ગત તારીખ ૧૫/૧૧/૨૦૧૮ થી તા.૦૫/૦૧/૨૦૧૯ સુધીમાં રાજ્ય સરકારે નક્કી કરેલા લઘુતમ ટેકાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૫,૦૦૦ મુજબ રાજ્યભરના ૧,૨૫,૫૦૨ ખેડૂતો પાસેથી કુલ રૂ. ૧૨૫૩.૨૫ કરોડની કુલ ૨૫,૦૬,૫૧૨ ક્વિન્ટલ મગફળી ખરીદવામાં આવી છે. રાજ્યભરના ખરીદ કેન્દ્રો ખાતે પૂરતી સંખ્યામાં બારદાન, વજનકાંટા તથા ખરીદી પ્રક્રિયા માટે પૂરતો સ્ટાફ ઉપલબ્ધ છે અને તા.૦૭/૦૧/૨૦૧૯થી ક્રમાનુસાર વધુમાં વધુ સંખ્યામાં ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરવામાં આવશે.

સિનિયર સીટીઝનો પણ વિવિધ રમત સ્પર્ધામાં ભાગ લઈ શકશે

નવસારી

કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી નવસારી દ્વારા જિલ્લાકક્ષાની સિનિયર સિટીઝન ૬૦ વર્ષથી ઉપરની વય ધરાવતા ભાઈઓ/બહેનો માટે વોલીબોલ, એથ્લેટીકસ, યોગાસન, રસ્સાખેંચ, ચેસ, કેરમ, અને ક્રિકેટની સ્પર્ધાના આયોજન તેમજ વિકલાંગ વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. સ્પર્ધામાં ભાગ લેવા માંગતા તમામ સ્પર્ધક ભાઈઓ, બહેનો તથા રમત મંડળોએ તા.૦૯/૦૧/૨૦૧૯ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી બ્લોક, બીજા માળે, જિલ્લા સેવા સદન, જુનાથાણા, નવસારીને પ્રવેશપત્ર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી પરથી લેવાના રહેશે. જે સ્પર્ધકોને પ્રવેશપત્રા આવશે એ ખેલાડીઓને સ્પર્ધાની તારીખ અને સ્થળની જાણ કરવામાં આવશે.તેમ જિલ્લા રમતગમત અધિકારીશ્રી નવસારીની યાદી જણાવે છે.

રાજકોટમાં સ્પા સેન્ટરમાંથી થાયલેન્ડની ૭ યુવતીઓ ઝડપાઇ

રાજકોટ

છેલ્લા કેટલાંય સમયથી રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ઈલિગલ ઈમિગ્રેશનનો વ્યાપ વધતો જોવા મળી રહ્યો છે. ત્યારે ફરી એક વાર રાજકોટ પોલીસે ઈલિગલ ઈમિગ્રેશનના રેકેટનો પર્દાફાશ કર્યોછે. રાજકોટ પોલીસે સ્પામાં દરોડો પાડી સ્પા સંચાલક સહિત થાયલેન્ડની ૭ યુવતીઓને ઝડપી પાડી છે.

રાજકોટ એસીપી આર.એસ.ટોલને બાતમી મળી હતી કે, શહેરના એડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમા વર્ક પરમિટ વગર થાયલેન્ડની યુવતીઓ કામ કરી રહી છે. ત્યારે એસીપી દ્વારા જાતે ચેકિંગ હાથ ધરવામા આવ્યું હતું.

જે ચેકિંગ દરમિયાન થાયલેન્ડની સાત યુવતીઓ ઝડપાય હતી. જેમના પાસપોર્ટની તપાસ કરતા તમામ યુવતીઓ ટુરીસ્ટ વિઝા પર કામ કરતી જોવા મળી હતી.

હાલ તો પોલીસે તમામ યુવતીઓ અને સ્પા સંચાલકની અટકાયત કરી વધુ પુછપરછ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ પોલીસે આ પહેલા એક સાથે ૪૧ યુવતીઓને વર્ક પરમિટ વગર કામ કરતી પકડી પાડી હતી.











તા.૧૭મી જાન્યુઆરીએ શિવારીમાળ ખાતે યોજાશે મેગા મેડિકલ કેમ્પ

આહવા : ડાંગ જિલ્લાના પ્રવેશ દ્વાર વઘઈથી સાપુતારા આંતરરાજ્ય ધોરીમાર્ગ ઉપર આવેલા શિવારીમાળ ગામે આગામી તા.૧૭/૧/૨૦૧૯નાં રોજ વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયુ છે.

રોટરી ક્લબ, ગણદેવી તથા એસોશિએસન ઓફ ઈન્ડયન ફિઝિશ્યન ઓફ નોર્ધન ઓહાયો (અમેરીકા) દ્વારા મેડિકલ યાત્રા-૨૦૧૯ અંતર્ગત આયોજિત આ વિનામૂલ્યે મેગા મેડિકલ કેમ્પ દરમિયાન, દેશવિદેશના નિષ્ણાંત તબીબો દ્વારા ખાસ કરીને હૃદયરોગ, સ્ત્રીરોગ, બાળરોગ, અને સામાન્ય રોગોને લગતી નિદાન અને સારવાર કરાશે. વધુ સારવારની જરૂરિયાતવાળા દર્દીઓને ગ્રામસેવા ટ્રસ્ટ-ખારેલ સહિત વાપી સ્થિત હરિયા રોટરી હોસ્પિટલ ખાતેથી સારવાર ઉપલબ્ધ કરાવાશે. સુમનભાઈ તથા ઉર્મિલાબેન શાહ, ભરતભાઈ તથા કાશ્મિરાબેન શાહ, પરાગભાઈ તથા જયશ્રીબેન શાહ પરિવાર (યુ.એસ.એ.)ના સૌજન્યથી આયોજિત આ મેડિકલ કેમ્પમાં ગ્રામ સેવા ટ્રસ્ટ-ખારેલ, રોટરી આઈ ઈન્સ્ટિટયૂટ-નવસારી, રોટરી ક્લબ-વાપી, માનવ કલ્યાણ ટ્રસ્ટ-નવસારી, વસુધારા ડેરી-આલીપોર, અંધજન શાળા તથા શારીરિક દિવ્યાંગજનોની શાળા-શિવારીમાળ, રામકૃષ્ટ સંવેદના ટ્રસ્ટ-સીતાપુર જેવી સેવાભાવી સંસ્થાઓ સહિત ડાંગ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા સહયોગી બની રહી છે.

ધી રોટરી ફાઉન્ડેશન (યુ.એસ.એ.)ની ગ્લોબલ ગ્રાંટના સૌજન્ય સાથે આયોજિત આ કેમ્પને રોટરી ફાઉન્ડેશન-ઈન્ડિયા, રોટરી ક્લબ બેકર્સ ફિલ્ડ-યુ.એસ.એ., રોટરી ક્લબ મિસીસાગા સેન્ટ્રલ-કેનેડા, રોટરી ડીસ્ટ્રીક્ટ ૩૦૬૦-ઈન્ડિયા, અને રોટરી ડીસ્ટ્રીક્ટ ૫૨૪૦-યુ.એસ.એ.નો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. આયોજકો એવા પ્રોજેક્ટ ચેરમેન પરિમલ નાયક, મંત્રી કૌતિક દેસાઈ, અને પ્રમુખ રાકેશ નાયકે ડાંગ જિલ્લાના શિવારીમાળ સહિત આસપાસના ગામોના જરૂરિયાતમંદોને વધુમાં વધુ સંખ્યામાં લાભ લેવા અનુરોધ કર્યો છે. આયોજકોના જણાવ્યા અનુસાર શિવારીમાળ ગામની આસપાસના ૨૫ કિલોમીટરના વિસ્તારના દર્દીઓ માટે આયોજકો દ્વારા વાહન વ્યવસ્થા તથા નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ૨૫ થી વધુ વિદેશી તબીબો સહિત ૫૦ થી વધુ નિષ્ણાંત તબીબોની સેવા સાથે, મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફની સેવાઓ સહિત જરૂરિયાત મંદોને વિનામૂલ્યે ચશ્માનું પણ વિતરણ કરાશે.

ગિરિમથક સાપુતારાના ગગનમાં ઉડશે દેશવિદેશના પતંગો

તા.૧૧મી જાન્યુઆરી, ૨૦૧૮નાં દિવસે સાપુતારા ખાતે યોજાશેઃ અવનવા, અચરજભર્યા પતંગો ઉડાડશે દેશવિદેશના પતંગબાજો

આહવાઃ ગુજરાત પ્રવાસન નિગમ તથા ડાંગ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આગામી તા.૧૧મી જાન્યુઆરી, ૨૦૧૯નાં રોજ રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

અવનવા, આકર્ષક અને અચરજભર્યા પતંગો સાથે દેશવિદેશના પતંગબાજો આ પતંગ મહોત્સવમાં પતંગ ઉડાડવાની મોજ માણશે. તેમની સાથે સાપુતારાના સહેલાણીઓ તથા સ્થાનિક પ્રજાજનો પણ જોડાઈને, આ પતંગ મહોત્સવમાં ભાગ લેશે.

ડાંગ કલેક્ટર બી.કે. કુમારના જણાવ્યા અનુસાર ગિરિમથક સાપુતારાના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં આ વેળા થાઈલેન્ડ, નેપાળ, સ્વીત્ઝરલેન્ડ, ફિલિપાઈન્સ, પોલેન્ડ, ઈન્ડોનેશિયા, રશિયા, યુક્રેન, ઈંગ્લેન્ડ, અમેરીકા, વિયેતનામ સહિત ટુનેશિયા જેવા દેશોના પતંગબાજો તેમના કરતબ દેખાડશે. તો ભારતવર્ષના ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, તાલીમનાડુ, પોંડિચેરી, અને ઉત્તરપ્રદેશના પતંગબાજો પણ તેમની કરામત બતાવશે.

તા.૧૧/૧/૨૦૧૯નાં રોજ સવારના ૯:૦૦ વાગ્યાથી ગવર્નર હીલ ખાતે શરૂ થનારા સાપુતારાના પતંગ મહોત્સવ દરમિયાન મહેમાનો, મહાનુભાવોના આગમન બાદ તુરત જ મહાનુભાવો, પતંગબાજોના હસ્તે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું દીપ પ્રાગટય કરી ઉદ્ઘાટન કરાશે. દેશવિદેશના મહેમાનો, મહાનુભાવોનું સ્વાગત કરાશે. ત્યાર બાદ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોના સથવારે, મહાનુભાવોનું ઉદ્બોધન, અને કાર્યક્રમના સમાપન બાદ, આખો દિવસ અહીં પતંગ મહોત્સવની મોજ માણવા મળશે.

પારડી ખાતે MSME સપોર્ટ એન્ડ આઉટરીચ અંતર્ગત મેગા કેમ્પ યોજાયો

વલસાડ જિલ્લાના પારડી જી.આઈ.ડી.સી. ખાતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સ્જીસ્ઈ સપોર્ટ એન્ડ આઉટ રીચ કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ તથા વધુમાં વધુ લોકો તેનો લાભ લઈ શકે, નાના અને મધ્યમ ઉદ્યોગકારો વિવિધ યોજનાઓનો લાભ લઈ શકે તે માટે મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ લોન્ચ કરેલા ૫૯ મીનીટ પોર્ટલ અંતર્ગત બેન્કો દ્વારા ૧૨ લાભાર્થીઓની ૩.૫૪ કરોડની લોનને મંજૂરી આપવામાં આવી હતી. પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત ૧૦૨ ખાતા ખોલવા ઉપરાંત ૧૭૪૩ ખાતાઓને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના ને ૮૦૦ ખાતેદારોને જીવનજ્યોત વીમા યોજના હેઠળ જોડી તેમના પરિવારોને સુરક્ષિત કરાયા હતા.

આ કેમ્પમાં વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણ, ખેતીવાડી મંત્રાલય નવી દિલ્હીના જોઈન્ટ સેક્રેટરી ઓ.પી. ચૌધરી, બેન્ક ઓફ બરોડાના રીજીયોનલ મેનેજર કલ્પેશભાઈ શાહ, લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર બેન્ક ઓફ બરોડા વલસાડના સચિન શર્મા, આઈપીએફટી સાયન્ટીસ્ટ મંગેશ પાંડે, જેકોબ ઓગસ્ટીન તેમજ અન્ય બેન્કોના એમ.એસ.એમ.ઈ. સપોર્ટને લગતા અધિકારીઓ, લાભાર્થીઓ હાજર રહયા હતા.

ડાંગ જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ/ફાનસ તથા પતંગ દોરીના ઉપયોગ અંગે પ્રતિબંધ

આહવાઃ ડાંગ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ટી.કે. ડામોર દ્વારા જારી કરાયેલા એક જાહેરનામા અનુસાર, ડાંગ જિલ્લામાં આગામી ઉત્તરાયણના તહેવાર સહિતના ૧૨/તહેવારો દરમિયાન ઉપયોગમાં લેવાતા ચાઈનીઝ તુક્કલ/ ફાનસ, તેમજ ચાઈનીઝ માંજો/ પ્લાસ્ટીકની દોરીના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

પ્લાસ્ટીક/ચાઈનીઝ માંજા/ દોરી સહિત ચાઈનીઝ તુક્કલ/ ફાનસને કારણે મનુષ્ય સહિત પશુપંખી, અને પર્યાવરણને પણ વ્યાપક નુકશાન થાય છે. તથા આગજની જેવા બનાવને કારણે જંગલ વિસ્તારમાં જાનમાલને પણ વ્યાપક નુકશાન થવાની સંભાવનાઓ રહેલી છે. જે ધ્યાને લેતા અગમચેતીના ભાગરૂપે આવી ચીજવસ્તુઓના વપરાશ ઉપર કે વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે. આ ઉપરાંત સમગ્ર ડાંગ જિલ્લામાં ઈલેક્ટ્રીક રકમડા, ડ્રોન કેમેરા, સ્કાય લેન્ટર્સ સહિત હાનિકારક રીતે તૈયાર કરાયેલી ચીજવસ્તુઓના ઉપયોગથી પતંગ ચગાવવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવાયો છે. તા.૨૫મી જાન્યુઆરી, ૨૦૧૯ સુધી જારી આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની પણ સૂચના આપવામાં આવી છે. જેની નોંધ જિલ્લાના પ્રજાજનોને લેવા અનુરોધ કરાયો છે.

આ જાહેરનામું સમગ્ર ડાંગ જિલ્લાના મહેસૂલી વિસ્તાર સહિત ગિરિમથક સાપુતારાના નોટીફાઈડ વિસ્તારમાં પણ લાગુ પડશે.

ઓનલાઈન અરજીના દસ્તાવેજો ખેડૂતો તા.૧૫મી સુધીમાં રજૂ કરે

વલસાડ જિલ્લાના બાગાયત ખેતી કરતા ખેડૂતોએ ૨૦૧૮-૧૯ના વર્ષમાં બાગાયાત ખાતાની વિવિધ યોજનાઓમાં લાભ લેવા માટે અનુસૂચિત જાતિ સિવાયના ખેડૂતોએ i-khedut પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરી છે. તેમણે નિયત અરજી સાથેના દસ્તાવેજો સંપૂર્ણ બીલોની વિગતો સાથે તા.૧૫/૧/૨૦૧૯ સુધીમાં નાયબ બાગાયત નિયામક, સેવાસદન-૧, પહેલા માળે, ધરમપુર રોડ, વલસાડને રજૂ કરવાના રહેશે. સમયમર્યાદા બાદ આવેલી અરજીઓ રદબાતલ ગણાશે, સંબંધિત ખેડૂતોને નોંધ લેવા નાયબ બાગાયત નિયામક નિતીન પટેલ દ્વારા જણાવાયું છે.

એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના ચેરમેન એસ.પી. ગુપ્તાએ ખડકીના 'ટીકુ ડોગ હાઉસ'ની મુલાકાત લીધી



વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ખડકી ખાતે અબોલ શ્વાનના ઈલાજ માટે કાર્યરત સંસ્થા ટીકુ મેમોરીયલ ટ્રસ્ટના ટીકુ ડોગ હાઉસની એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈનડિયાના ચેરમેન એસ.પી.ગુપ્તાએ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન શ્વાનના ઈલાજ અને તેની દેખરેખ માટે કરવામાં આવતી કામગીરીનું જાત નિરીક્ષણ કરી સંસ્થાની સેવા ભાવનાને બિરદાવી હતી. સંસ્થાના નીલેશભાઈ રાઈચુરા અને શીતલ રાઈચુરાએ ડોગ હાઉસમાં કરવામાં આવતી કામગીરીની વિસ્તૃત જાણકારી આપી હતી. ચેરમેનની આ મુલાકાત દરમિયાન વલસાડ જિલ્લાના પશુ નિયામક, ગુજ. સ્ટેટ રેસકયુના પ્રેસીડેન્ડ મુકેશ ઉપાધ્યાય અને વર્ધમાન શાહ, જીવદયા ગ્રૂપ પારડીના ભાવના પટેલ અને યાસીન મુલતાની તથા શ્રીમદ રાજચંદ્ર મિશનના બિપીનભાઈ રુપાણી હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ટીકુ ડોગ હાઉસના નીલેશભાઈ રાઈચુરા, શીતલ રાઈચુરા અને તેમની ટીમ દ્વારા ઈજાગ્રસ્ત શ્વાનને લઈ તેની સંપૂર્ણ સારવાર કરી મુક્ત કરવામાં આવે છે. શ્વાનની ગંભીર બિમારીની સારવાર અત્રે ઉપલબ્ધ ન હોય તો તેને મુંબઈ ખાતે પણ સારવાર અપાવે છે. દરેક શ્વાસને વેક્સીનેસન માટે અઠવાડિયામાં એક વખત ડૉક્ટરની ટીમ પણ બોલાવે છે. હાલમાં તેમના ડોગ હાઉસમાં આશરે ૮૦ જેટલા શ્વાસ સારવાર લઈ રહ્યા છે, આ દરેક શ્વાસને અપાયેલી સારવાર અંગેની હિસ્ટ્રી બુક પણ તેઓ નિભાવે છે. કોઈક શ્વાનનું મૃત્યુ થઈ જાય તો તેની અંતિમવિધિ પણ તેઓ કરે છે. ટીકુ ડોગ હાઉસના નીલેશભાઈ રાઈચુરા, શીતલ રાઈચુરા જણાવે છે કે, તેમણે પાળેલા શ્વાનનું બીમારી દરમિયાન અચાનક મૃત્યુ થયા બાદ આ વિસ્તારમાં કોઈપણ ઈજાગ્રસ્ત કે બીમાર શ્વાનની સારવાર કરવાનું નક્કી કર્યું હતું. તેમના પાળેલા શ્વાનનું નામ ટીકુ હોવાથી તેમની સંસ્થાનું નામ પણ ટીકુ રાખવામાં આવ્યું છે.













સત્તાને સેવાનું માધ્યમ બનાવી શિક્ષણ-આરોગ્ય- દરિદ્રનારાયણ ઉત્થાન સહિત જનકલ્યાણ કાર્યોથી સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે : મુખ્યમંત્રી

કલોલમાં સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરૂકુળ સંસ્થાનો રજત જયંતિ સમારોહ સંપન્ન મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિ





મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલના નવા લેમિનાર વોર્ડનો લોકાર્પણ કરતા શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકાર સત્તાને સેવાનું માધ્યમ બનાવી જન જનના શિક્ષણ-આરોગ્ય સહિતના કલ્યાણ કાર્યો અને દરિદ્રનારાયણના ઉત્થાન સાથે સર્વગ્રાહી વિકાસ માટે સંકલ્પબદ્ધ છે તેમ સ્પષ્ટપણે જણાવ્યું છે.

વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના વિકાસમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોની ભૂમિકા ઉલ્લેખનીય રહી છે તેવો મત પણ વ્યક્ત કર્યો હતો.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે વ્યસનમુક્તિ, શિક્ષણ, આરોગ્ય, સદાચાર અને સંસ્કાર સિંચનનું વ્યાપક જન અભિયાન આ સંપ્રદાયના સંતો લોકો વચ્ચે જઈને સત્સંગ, ગુરૂકુળો-વિદ્યાધામો દ્વારા પ્રસરાવી રહ્યાં છે તે આત્માને પરમાત્મા ભણી પ્રેરિત કરવાનો સદમાર્ગ છે.

મુખ્યમંત્રીશ્રી કલોલમાં સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરૂકુળ સંસ્થાના રજત જયંતિ અવસરે યોજાયેલા શ્રીમદ સત્સંગીજીવન પંચાહ્ન પારાયણમાં ઉપસ્થિત ભક્ત સમુદાયને સંબોધન કરી રહ્યા હતાં.

તેમણે આ અવસરે સંસ્થા સંચાલિત મલ્ટિ-સ્પેશ્યાલિટી હોસ્પિટલના લેમિનાર ઓપરેશન થિયેટરને પણ ખુલ્લું મૂક્યું હતું.

તેમણે દરિદ્રનારાયણ, વંચિત, પીડિત, શોષિત અને સમાજના જરૂરતમંદ વર્ગોને મોંઘી ખર્ચાળ સારવારના અભાવે માંદગીના બિછાને પડ્યા રહેવું ન પડે તેવા ઉદાત ભાવથી પ્રધાનમંત્રીએ આયુષ્માન ભારત તહેત આરોગ્યરક્ષા કવચ આપ્યું છે તેની ભૂમિકા આપી હતી.

ગુજરાતમાં પણ મા અમૃતમ્ – વાત્સલ્ય યોજના, જનઔષધિ કેન્દ્રો તેમજ કિડની-લિવર-હૃદયના ગંભીર રોગ માટે ૩ થી ૪ લાખ સુધીની સારવાર સહાયની છણાવટ તેમણે કરી હતી. ગરીબો માટે પાંચ વર્ષમાં ૨૫ લાખ આવાસ નિર્માણની પણ વિગતો આપી હતી. ૨૦૨૨ સુધીમાં દરેક વ્યક્તિને આવાસ છત્રની પ્રધાનમંત્રીની નેમ ગુજરાત સાકાર કરવા આગળ વધી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ સ્વામિનારાયણ સંપ્રદાય પણ સૌના આરોગ્યની ખેવના સાથે સારવાર-સુશ્રુષાનું જે ઈશ્વરીય કાર્ય કોઈ જ સ્વાર્થભાવ વિના કરે છે તેની પ્રશંસા કરી હતી.

તેમણે સંતશક્તિના આશિષથી ગુજરાતની સર્વગ્રાહી વિકાસયાત્રા અવિરત આગળ ધપતી રહેશે તેવી વાંચ્છના કરી હતી.

સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરૂકુળ સંસ્થાના ચેરમેન શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી મહારાજે મહાનુભાવોનું સ્વાગત કરીને તેમના સારા સ્વાસ્થ્ય અને સમાજ સેવાના કાર્ય કરવા ભગવાન વધુ શક્તિ આપે તેવા આશીર્વચન પાઠવ્યાં હતાં.

સત્સંગ મહાસભાના પ્રમુખ નૌતમસ્વામીએ જણાવ્યું હતું કે ભગવાન સ્વામિનારાયણનો સંદેશ સર્વહિતાયનો છે. તેમણે મુખ્યમંત્રી પ્રજાલક્ષી અભિગમ સાથે સેવારત હોવાની દૃષ્ટાંતપૂર્વક વાત કરી હતી. ગૌહત્યા માટે બનાવાયેલા કડક કાયદા માટે તેમણે મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા હતાં.

આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે "ગુરૂકુલગાથા" પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધોલેરાના શ્રીજીચરણદાસજી, વડતાલના મુખ્ય કોઠારી ઘનશ્યામપ્રકાશદાસજી, ચેરમેન દેવપ્રકાશદાસજી, સારંગપુરના વિષ્ણુપ્રકાશદાસજી સહિત અલગ અલગ સ્વામિનારાયણ મંદિરના સંતો-મહંતો ઉપરાંત ભાવનગરના ધારાસભ્ય અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, ગાંધીનગર જિલ્લા કલેક્ટર એસ. કે. લાંગા, જિલ્લા ભાજપા પ્રમુખ નૈલેષભાઈ શાહ અને મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

Advance Furniture & Interior Point
BASIC PACKAGE | ECONOMY PACKAGE | PREMIUM PACKAGE
2BHK FULL FURNITURE 3,99,999/- | 2BHK FULL FURNITURE 6,49,000/- | 2BHK FULL FURNITURE 7,99,999/-
3BHK FULL FURNITURE 5,25,000/- | 3BHK FULL FURNITURE 7,99,999/- | 3BHK FULL FURNITURE 9,99,999/-
કલર, પી.ઓ.પી., ઈલેક્ટ્રીક તથા દરેક પ્રકારનું ઈન્ટિરીયર વર્ક કરી આપવામાં આવશે.
૧૨૯, રાજવર્લ્ડ શોપીંગ સેન્ટર, નિલકંઠ રેસીડેન્સીની સામે, પાલનપુર કેનાલ રોડ, અડાજણ, સુરત. Mo: 99781 85706, 99781 85709 SUNDAY OPEN

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ ₹.૧૪,૪૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેદ્દુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્ક: જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદક:
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino®
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F.
સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

બેટી બચાવો બેટી પઢાવો અભિયાનને વેગ આપવા જિલ્લાની ગ્રામપંચાયતોમાં બોર્ડ લગાવાશે

દર મહિને ગામમાં કેટલા છોકરા-છોકરીઓનો જન્મ થયો તેના આંકડા લોકોની જાણ માટે લખાશે

બેટી બચાવો બેટી પઢાવો રાષ્ટ્રીય અભિયાનમાં વડોદરા જિલ્લાનો સમાવેશ કરાયો : કલેકટરના અધ્યક્ષપદે જિલ્લા ટાસ્કફોર્સ કમીટીની પ્રથમ બેઠક મળી : સમાજને દિકરીના જન્મને વધાવી લેવાની ટેવ પાડીએ : દિકરા-દિકરી સાથે એક સરખો વ્યવહાર કરવાની સમજણ કેળવીએ : ૨૪મી જાન્યુઆરીએ ઈન્ટરનેશનલ ગર્લ ચાઈલ્ડ ડેની ઉજવણી વિવિધ જાગૃતિ કાર્યક્રમો ધ્વારા કરવામાં આવશે

વડોદરા : રાષ્ટ્રીય બેટી બચાવો બેટી પઢાવો અભિયાનના ભાગરૂપે જિલ્લાની, જયાં છોકરાઓના પ્રમાણમાં છોકરીઓનો જન્મ દર ઓછો છે તેવી ગ્રામ પંચાયતોમાં બેટી બચાવો બેટી પઢાવો(બીબીબીપી) બોર્ડસ લગાવવામાં આવશે. આ બોર્ડ પર ગામની આશા બહેન દરમહિને ગામમાં થયેલા દિકરા-દિકરીની જન્મ સંખ્યાની નોંધ કરશે અને આ રીતે લોકોને જાગૃત કરવામાં આવશે. તા.૨૪મી જાન્યુઆરીના રોજ ઈન્ટરનેશનલ ગર્લ ચાઈલ્ડ ડેની ઉજવણી પ્રસંગે આ કામગીરી શરૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ભારત સરકાર ધ્વારા રાજય સરકારોના સહયોગથી સન ૨૦૧૫માં દેશના નવ જિલ્લાઓમાં રાષ્ટ્રીય બેટી બચાવો બેટી પઢાવો અભિયાન શરૂ કરવામાં આવ્યુ હતું. જેમાં સન ૨૦૧૮માં વડોદરા જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેના સુસંકલીત અમલીકરણ માટે કલેકટરના અધ્યક્ષપદે જિલ્લા ટાસ્ક ફોર્સ કમીટી રચવામાં આવી છે જેની આજે મળેલી પ્રથમ બેઠકમાં ઉપરોક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો. તેના હેઠળ વડોદરા જિલ્લામાં કન્યા પ્રોત્સાહક કાર્યક્રમોનો ત્રણ મહિનાનો એકશન પ્લાન બનાવવામાં આવ્યો છે જેને બહાલી આજે મળેલી બેઠકમાં આપવામાં આવી હતી. જિલ્લા કલેકટરશ્રીએ બીબીબીપી અભિયાનના વેગવાન અમલીકરણ માટે તાલુકાકક્ષાની ટાસ્કફોર્સ કમીટીઓની રચના તાત્કાલીક કરી દેવા સૂચના આપી હતી. સ્ટેટ જેન્ડર રીસોર્સ સેન્ટરના પ્રતિનિધિએ જણાવ્યુ હતું કે આ અભિયાનનું અમલીકરણ મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ અને શિક્ષણ વિભાગે, અન્ય સંબંધિત ખાતાઓના સહયોગથી કરવાનુ છે. તેનો મુખ્ય આશય કન્યા ભ્રુણ હત્યાની વૃત્તિને નાબુદ કરવાની જાગૃતિ કેળવવી, દિકરીઓની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવી તથા પ્રત્યેક પરિવાર દિકરીઓને ઓછામાં ઓછું માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ આપે અને દિકરા-દિકરી વચ્ચે ભેદ ન કરે એવી સામાજિક સંકલ્પબધ્ધતા કેળવવાનો છે.

જિલ્લા કલેકટરએ જણાવ્યું કે વડોદરા જિલ્લામાં દર એક હજાર છોકરાઓના જન્મ સામે કન્યા જન્મનું પ્રમાણ દર્શાવતો સેક્સ રેશીયો(લીંગ અનુપાત) ઘટ્યો નથી અને પ્રમાણમાં સ્થિરતા આવી છે. પરંતુ આ રેશિયો સુધારવાની તાતી જરૂરીયાત છે. ત્યારે બીબીબીપી અભિયાન કેમ્પેઈન મોડમાં હાથ ધરવું પડશે અને દિકરા-દિકરીને સમાન ગણાવાની સામાજિક ટેવ પાડવી પડશે. અભિયાન હેઠળ મિડીયા કેમ્પેઈન હથ ધરવાની સાથે આંગણવાડી અને આશા કાર્યકર બહેનોને તાલુકાસ્તરે અસરકારક કામગીરી કરવાની તાલીમ અપાશે. સંકલિત બાળ વિકાસ યોજનાના જિલ્લા પ્રોગ્રામ અધિકારી સદસ્ય સચિવ તરીકે તમામ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમનું સંકલન કરશે.

જિલ્લા વિકાસ અધિકારી કે.બી.ઝવેરીએ પણ બેઠકમાં માર્ગદર્શન આપ્યુ હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ઉદય ટીલાવત સહિત સદસ્યો બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

આજે સતત ત્રીજીવાર મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનનું પ્રસ્થાન

તા.૬ઠ્ઠી જાન્યુઆરીએ યોજાનાર 'ચેમ્પિયન્સ રિર્ટન ફોર યોર સિટી' માટે વડોદરાવાસીઓમાં રોમાંચ

વડોદરા : જાન્યુઆરી-૨૦૧૯ને રવિવારના રોજ વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોન યોજાનાર છે. રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેનો સતત ત્રીજીવાર પ્રારંભ કરાવશે અને ચેમ્પિયન્સ રિર્ટન ફોર યોર સિટી અભિયાનને વેગ આપશે. સહકાર અને ખેલ રાજયમંત્રી ઈશ્વરસિંહ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે અને દોડવીરોને પ્રોત્સાહિત કરશે.

આ મેરેથોન નવલખી, લાલબાગ અન્ડર બ્રીજ, વિશ્વામિત્રી ફલાયઓવર, અક્ષર ચોક, સનફાર્મા વાઈબ્રન્ટ ક્રિકેટ એકેડેમી સુધી યુ-ટર્ન કલાલી અન્ડર બ્રીજ ડાબી બાજુ ટર્ન મનીષા સર્કલ, રોક સ્ટાર સર્કલ, નિલામ્બર સર્કલ, બસંલ મલ્ટીપ્લેક્સ તરફ જમણી બાજુ ટર્ન લેવામાં આવશે. ગોત્રી તળાવ તરફ ડાબી બાજુ ટર્ન ગોત્રી રોડ, કેનાલ રોડ યુ ટર્ન, જમણી બાજુ સેવાસી કેનાલ રોડ, ડાબી બાજુ નિલાંબર સર્કલ તરફ ટર્ન લેવામાં આવશે. રોક સ્ટાર સર્કલથી અકોટા બ્રીજ તરફ જઈ નવલખી ગ્રાઉન્ડ ખાતે સમાપ્ત થશે. વડોદરા ખાતેની ૪૨.૧૯૫ કિમી રૂટની મેરેથોનની વડોદરાવાસીઓમાં નવો રોમાંચ જાગ્યો છે.

મેરેથોન માટે તા. ૬ઠ્ઠીના રોજ સવારે ૫ વાગ્યે અકોટા દાંડિયા બજાર ફ્લાયઓવર ખાતેથી એન્ટ્રી મેળવી લેવાની રહેશે.

ફુલ મેરેથોન, હાફ મેરેથોન, મેરેથોન રિલે અને ક્વાર્ટર મેરેથોન ઉપરાંત ફન રન્સ યોજાશે. ૫ કિમીની ફન રન્સમાં રામેશ્વર ટ્રાન્સપોર્ટ જવાન રન, લિંડે સ્વચ્છતા રન અને એનઆરઆઈ હોમ કમિંગ રન થશે જે સવારે ૬.૧૫ થી ૭ વાગ્યા સુધી યોજાશે. ૧ કિમીમાં આઈનોક્સ દિવ્યાંગ પેરાલેમ્પિક, તથા કેવાયબી કોન્મેટ એનજીઓ પ્લેજ રન યોજાશે.

ફેસબુક, ટ્વીટર અને ઈન્સ્ટાગ્રામ પર vadodaramarathon ફોલો કરી શકાશે.

વાગરા પો.સ્ટે.ના ગુનામાં પોલીસ ધરપકડથી નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેનદ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શન મુજબ ભરૂચ જિલ્લામાં નાસતા ફરતા તથા પકડવાના બાકી આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અનુસંધાને વાગરા પો.સ્ટે. ગુ.રનં. ! ૨૪/૨૦૧૮ ઈ.પી.કો. કલમ- ૩૦૭, ૩૨૩, ૪૯૮(ક) ૫૦૪, ૧૧૪ મુજબના ગુનાના કામે પકડવાનો બાકી આરોપી અમરસિંહ બેચરસિંહ ચૌહાણ ઉ.વ.૬૫ રહે.વછનાદ શેઠફળિયુ તા.વાગરા જી.ભરૂચ નાની તપાસ કરતા આરોપી ઘરે હાજર મળી આવતા આરોપીને તા.૦૫/૦૧/૧૮ નારોજ અટક કરી વાગરા પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.

લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની પરીક્ષા યોજાશે

વડોદરા : વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલી વિવિધ શાળાઓમાં તા.૦૬/૦૧/૨૦૧૯ના રોજ ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન લોકરક્ષકની કેડરની લેખિત પરીક્ષા લેવામાં આવનાર છે. જેને અનુલક્ષીને શહેર પોલીસ કમિશ્નરએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ નિયંત્રક આદેશો અમલી બનાવવાનો હુકમ કર્યોછે. તદ્નુસાર તમામ પરીક્ષા કેન્દ્રની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તથા તા.૦૬/૦૧/૨૦૧૯ના કલાક ૦૦.૦૦ થી કલાક ૧૪.૦૦ સુધી પરીક્ષા કેન્દ્રોની અંદર કોઈપણ વ્યક્તિએ સેલ્યુલર ફોન, વોકીટોકી, કોર્ડલેશ ફોન, મોબાઈલ ફોન, વાયરલેશ, સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર કે ઈલેકટ્રોનિક ઉપકરણો લઈ જઈ પ્રવેશવાની મનાઈ ફરમાવી છે. તમામ સંબંધિત પરીક્ષા કેન્દ્રની બહાર આસપાસના સો મીટર વિસ્તારમાં પરીક્ષા સમય દરમિયાન ચાર કે તેથી વધુ વ્યકિતઓએ ભેગા થવા સામે, ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા અને લાઉડસ્પીકર વગાડવાની મનાઈ રહેશે. ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે

સ્વામી વિવેકાનંદ હિલ્ડ શિલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સિલ્વર ઓક સ્કુલ વિજેતા

વડોદરા : રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ દ્વારા તાજેતરમાં સ્વામી વિવેકાનંદ હિલ્ડ શિલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. વડોદરા શહેરની શાળાઓની ક્રિકેટ ટીમોએ પણ ભાગ લીધો હતો. સિલ્વર ઓક સ્કુલ માંજલપુર સામે ભારતીય વિદ્યા ભવન્સ મકરપુરા વચ્ચે ફાઈનલ સ્પર્ધા થઈ હતી, સિલ્વર ઓક સ્કુલ માંજલપુર ૪ વિકેટથી વિજેતા થયેલ. સ્પર્ધામાં બેસ્ટ વિકેટ અદનામ શેખ, બેસ્ટ બોલર ચિરાગ મોઢવાણી અને મેન ઓફ ધ મેચ આર્યમાન થયા હતા. મહાનુભાવોએ વિજેતા ખેલાડીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા, તેમ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વડોદરાના સીનિયર કોચની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટુંકાવવા સુધાર મુસ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા ક્રમ મુજબ ચુકવેલ આપકમાંથી ચુકવવા જશો, જે માટે સાથે ડાયરેક્ટ હોદ્દેદાર પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેરોજગાર અવસ્થા કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ત્રોટો મોડવી રકમથી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૧૦૦૦/- (ત્રોટો મોડવી રકમથી) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	100/-
2nd	70/-
3rd	50/-
4th	40/-
5th	30/-
Total	290/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	750/-
2nd	500/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-
Total	1900/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com



રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા શૌચાલય બાદ વધુ એક સફળ કામગીરી

ચારેક મહિનાથી ચોકઅપ ભૂગર્ભ ગટરની ફરિયાદ પાલિકા પ્રમુખને મળતા ચીફ ઓફિસરને જાણ કરી અને તાત્કાલિ સ્થળ પર બેસી ચીફ ઓફિસરે કર્મચારીઓને ધંધે લગાવ્યા





વર્ષોથી આળસુ બનેલા અમુક કર્મચારીઓની ઊંઘ હરામ કરતા નવા ચીફ ઓફિસર અમિત પંડ્યા જાતે સ્થળ પર ધ્યાન આપતા લોકોમા હાશકારો

મારે કોઈ ક્રેડિટ નથી લેવી પરંતુ શહેરમાં સ્વચ્છતા બાબતે હું કોઈ આળસ નહીં ચલાવી લઉં : અમિત પંડ્યા

ચીફ ઓફિસર અમિતભાઈ પંડ્યાએ જણાવ્યું કે મારે કોઈ કામની ક્રેડિટ નથી જોઈતી પરંતુ શહેરમાં સ્વચ્છતા હશે તો રોગચાળો નહિ ફાટે જેથી લોકોના સ્વાસ્થ્ય બાબતે આ કામગીરીને મેં ગંભીરતાથી લઈ તેનું તાત્કાલિક નિરાકરણ લાવવા સ્ટાફ સાથે હાજરી આપી અને જ્યાં સુધી મને સંતોષ નહીં મળે ત્યાં સુધી હું આજ રીતે કામગીરી કરાવીશ કામમાં આળસ કરતા કર્મચારીઓને ભલે હું તીખો લાગતો હોવ પણ એ જરૂરી છે.

રાજપીપળા : રાજપીપળાના વાઘરીવાડ વિસ્તારમાં ચારેક મહિનાથી ચોકઅપ ભૂગર્ભ ગટર બાબતે સ્થાનિકોએ અવાર નવાર ફિયાદો કરવા છતાં કામચલાઉ સમસ્યાનું નિરાકરણ આવતું હોય બાદ બે ચાર દિવસમાં તકલીફ ત્યાંની ત્યાંજ જણાતા કંટાળેલા સ્થાનિકોએ જોયું કે હાલ આવેલા ચીફ ઓફિસર ખુબ કડક છે તેનું ઉદાહરણ પણ બે દિવસ પેહલા શૌચાલયની તકલીફમાં જોવા મળ્યુ હોય સાથે સાથે સ્થાનિકોએ પાલિકા પ્રમુખ જિગીષાબેન ભટ્ટનું પણ આ માટે ધ્યાન દોરતા પ્રમુખની સૂચના બાદ વાઘરીવાડ ખાતે અમિત પંડ્યાએ વિઝિટ કરતા ઘણી તકલીફ દેખાઈ જેથી તાત્કાલિક ટિમ અને જેસીબી સહિતની મશીનરી ત્યાં મંગાવી ચીફ ઓફિસર આખો દિવસ ટિમ સાથે સ્થળ પર હાજર રહ્યા અને યુદ્ધના ધોરણે મહિનાઓથી ચોકઅપ ગટરની કાયમી ઉકેલ આવે તેવી કામગીરી શરુ કરાવી હતી જેના કારણે સ્થાનિકો પણ ખુશ જોવા મળ્યા જયારે બીજી તરફ કેટલાક આળસુ કર્મચારીઓની ઊંઘ પણ ઉડી હતી ત્યારે શૌચાલયની ફરિયાદ પણ ત્રણેક મહિના અગાઉ થયેલી પરંતુ અમુક લાપરવાહ કર્મચારીઓના કારણે શહેરમાં રોગચાળો ફાટે તેવી આ બંને બાબતને ચીફ ઓફિસરે ગંભીરતાથી લેતા આખરે તેનો ઉકેલ આવ્યો જેમાં ત્વરિત અને સફળ કામગીરીથી સ્થાનિકોએ રાહત અનુભવી હતી.

જલાલપોરમાં બે મોટર સાયકલો સામસામે અથડાતા ૧નું મોત

નવસારી

જલાલપોર તાલુકાના સરાવગામના બસ સ્ટોપ પાસે ગતરાત્રે બે મોટર સાયકલ સામસામે અથડાતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. એક આશાસ્પદ યુવાનનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે બીજાને ગંભીર હાલતમાં નવસારી બાદ સુરતની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જલાલપોર તાલુકાના અબ્રામા ગામે મોટા ફળીયામાં રહેતો મેહુલ હરીશભાઈ પટેલ તેના મિત્ર અંકિત કિરીટભાઈ પટેલ સાથે પોતાની સીબીઝેડ મોટર સાયકલ નં.જીજે-૨૧-એબી-૨૧૦૭ પર પરત આવી રહ્યા હતા. તે દરમ્યાન અમલસાડ-અબ્રામા રોડ પર સરાવ ગામના તળાવ પાસે બસ સ્ટોપ સામે પૂરપાટ ઝડપે પસાર થઈ રહેલા સામેથી આવતા ગૌરાંગ અમ્રતભાઈ પટેલ રહે. સરાવગામ, તા.જલાલપોરએ પોતાની કરીઝમાં મોટર સાયકલ નં.જીજે-૨૧-એચ-૫૭૬૭ રોંગ સાઈડ પર પૂરપાટ ઝડપે હંકારી લાવી કાબુ ગુમાવી દઈ સામેથી આવતા મેહુલની મોટર સાયકલ સાથે અથડાવી દેતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રસ્તા પર પટકાયેલા મેહુલને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેસેલ કિરીટને નાની મોટી ઈજાઓ થઈ હતી.

પેટ્રોલ પંપના બે કર્મચારીએ વાહન ચાલકને ફટકાર્યો

સુરત

ઉત્રાણ રામનગરમાં રહેતા અને શાકભાજીની લારી ચલાવતા મદનશા અર્જુનશા તૈલી પોતાની લ્યુનામાં લંબેહનુમાનરોડ પેટ્રોલ પંપ ઉપર પુટ્રોલ પુરાવા ગયા હતા. જ્યાં પંપના કર્મચારીઓ પેટ્રોલ ઓછું નાખતા ફીરયાદ ી મદનશાંએ તમે પેટ્રોલ કેમ કટ મારો છે? તેમ કહેતા પેટ્રોલપંપના બે કર્મચારીએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ઢીક-મુક્કીનો માર મારી દાઢ તોડી નાખ્યા હતા. વરાછા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ભરૂચ રેલવે સ્ટેશન પરથી સુરતની યુવાન પરિણીતા ગુમ

૧૯ વર્ષીય મુસ્કાન ઉધનાથી ભરૂચ ગઈ હતી

સુરત

લીંબાયતના મહાપ્રભુનગર ખાતે રહેતી ૧૯ વર્ષીય પુત્રીને ભરૂચના વાગરા ખાતે સાસરે મુકવા જતી વખતે પુત્રી મુસકાન ભરૂચ રેલવે સ્ટેશન ખાતેથી અચાનક ગુમ થઈ જતા તેના ગુમ થવાની જાણ પોલીસ મથકે કરવામાં આવી રહી છે.

ગત ૨૫મી ડિસેમ્બરના રોજ ૧૯ વર્ષીય મુસ્કાન સાનિયાબેન સાથે ઉધનાથી ભરચ જવા માટે વલસાડ - વીરમગામ પેસેન્જર ટ્રેનમાં રવાના થઈ હતી. મુસ્કાન ઉ.વ.૧૯ના લગ્ન ભરૂચના વાગરા ખાતે થયા હોવાથી તેણીને સાસરે મુકવા માટે જતા હતા.

ભરૂચ રેલવે સ્ટેશન ખાતે ટ્રેનમાંથી ઉતર્યા બાદ મુસ્કાન ક્યાંય દેખાઈ ન હતી. તેણીની સઘન શોધખોળ કરવામાં આવી છતાં કોઈ ભાળ મળી નથી. ભરૂચ રેલવે સ્ટેશન, ઉધના રેલવે સ્ટેશન, મહાપ્રભુનગર અને સાસરે વાગરામાં તપાસ કરી છતાં મુસ્કાનની કોઈ ખબર ન મળતા તેના ગુમ થવાની જાણ માતા દ્વારા પોલીસ મથકે કરવામાં આવી છે.

નર્મદા જિલ્લામાં જન્મ-મરણ નોંધણીના પ્રમાણપત્રો ઓનલાઈન પ્રિન્ટેડ આપવાનો પ્રારંભ



રાજપીપળા : રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આદેશ અનુસાર ગુજરાતમાં જન્મ મરણ નોંધણીના દાખલા હસ્ત લિખીતને બદલે હવેથી ગુજરાત સિવિલ રજીટ્રેશન સીસ્ટમની ઓનલાઈન e-application થી આવા તમામ દાખલાઓ પુરા પાડવાની હાથ ધરાયેલી કામગીરીના ભાગરૂપે નર્મદા જિલામાં પણ રાજપીપલા નગરપાલિકા ખાતે તેમજ નાંદોદ તાલુકાના તરોપા ગ્રામ પંચાયત કચેરી ખાતેથી પ્રારંભ કરાયો છે.

નર્મદા જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા અને જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમના માર્ગદર્શન હેઠળ રાજપીપલા નગરપાલિકા ખાતે સબ રજીસ્ટ્રારના હસ્તે તેમજ તરોપા ગ્રામ પંચાયત કચેરી ખાતે તલાટી-કમ-મંત્રીના હસ્તે જન્મ-મરણના પ્રોગ્રામ આસિસ્ટન્ટ, જિલ્લા આંકડા મદદનીશ અને નાંદોદ તાલુકા આંકડા મદદનીશની ઉપસ્થિતિમાં તા.૧ લી જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજથી આ નવી વ્યવસ્થાનો પ્રારંભ કરાયો છે. નર્મદા જિલ્લાના જન્મ-મરણના જિલ્લા રજીસ્ટ્રાર હસ્તકની રાજપીપલા નગરપાલિકા તથા ગ્રામ પંચાયતો ખાતે ગ્રામ્ય રજીસ્ટ્રારો (તલાટી-કમ-મંત્રીઓ) દ્વારા જન્મ-મરણના ઓનલાઈન પ્રિન્ટેડ પ્રમાણપત્રો જે તે વિસ્તારમાં જન્મ કે મરણનો બનાવ બન્યો હોય તે વિસ્તારના રજીસ્ટ્રાર પાસે બનાવની નોંધણી કરાવ્યા બાદ અરજદાર ઓનલાઈન પ્રિન્ટેડ પ્રમાણપત્રો મેળવી શકશે, તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત નર્મદા (રાજપીપલા) તરફથી જણાવાયું છે.

કતારગામ દરવાજા પાસે મુસાફરો વગર દોડતી સિટી બસમાં આગ

ફાયર બિગ્રેડ પહોંચે તે પહેલાં આખી બસ ભડભડ સળગી ગઈ

સુરત

આજે વહેલી સવારે કતારગામ દરવાજા પાસેથી પસાર થઈ રહેલી સિટી બસમાં અચાનક આગ લાગતા આખી બસ સંપૂર્ણપણે બળી ગઈ હતી. બસમાં એક પણ પેસેન્જર ન હતો. બસ ચાલકનો બચાવ થયો હતો.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ૬ વાગ્યાના સુમારે કતારગામ દરવાજા પાસે બ્લ્યુ કલરની સિટી બસમાં અચાનક આગ લાગી હતી.

કતારગામ કુબેરનગર ખાતે રહેતા નિરવ પ્રજાપતિ આજે વહેલી સવારે મહેમાનોને રિસિવ કરવા માટે બાઈક ઉપર જતા હતા ત્યારે રોડ પરથી પસાર થતી બ્લ્યુ રંગની સિટી બસના નીચેથી તણખલા ઉડતા જોઇ બાઈક ઝડપથી દોડાવી બસને ઓવર ટેક કરી ચાલકને બસ થોભાવા જણાવ્યું હતું. જોત જોતામાં લોકોની ભીડ પણ ભેગા થઈ હતી. ચાલકે બસને રસ્તાની બાજુએ મૂકી ફાયર વિભાગને જાણ કરી હતી. બસમાં એક પણ મુસાફર ન હતો. બસ ચાલક બસ ડેપોથી નિર્ધારિત બસ સ્ટેશન ઉપર ખાલી બસ લઈ જઈ રહ્યો હતો. ફાયરની ટીમ પહોંચે તે પહેલાં જોત જોતામાં આખી બસ સળગી ગઈ હતી. આગથી બસને સંપૂર્ણ નુકસાન થયું છે. બસમાં કોઈ મુસાફર ન હોવાથી અને ચાલક પણ સમયસર ઉતરી ગયો હોવાથી કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ ન હતી.

Since 2005
HAPPY NEW YEAR
SHRADDHA FURNITURE
અડાજણ વિસ્તારનો સૌથી જુનો અને વિશ્વસનીય ફર્નિચરનો શો-રૂમ
સોફાના સ્પેશ્યાલીસ્ટ
રવિવારે દુકાન ચાલુ રહેશે.
ફુલ ફર્નિચર ધમાકા
ક્રિસમસ ડિસ્કાઉન્ટ 30%
કન્યાદાન પેકેજ ઉપલબ્ધ
2 BHK : 2,71,000/-
1 BHK તથા 3 BHK ના પેકેજ ઉપલબ્ધ
WARRANTY 10 YEARS
• સોફા સેટ • ડાઈનિંગ • પોલપેપર • ટી.વી. યુનિટ • વોલ ક્લોક • સેન્ટર ટેબલ • બેડરૂમ સેટ • મેટ્રેસીસ • ડાયનીંગ ટેબલ
કોઈપણ પ્રકારના ફર્નિચરની ખરીદી કરતા પહેલા અમારા શો-રૂમની અવશ્ય મુલાકાત લો.
95741 81777 / 93775 37773 / 93768 40700

આપણા અડાજણ પાલ વિસ્તારમાં કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ, પ્રીન્ટર, સી.સી.ટી.વી અને એસેસરીઝની વિશાળ શ્રેણીનો એકમાત્ર શોરૂમ
Since 2004
SYSCOM PERIPHERALS
repair • sales • support
COMPUTER | LAPTOP | MOBILE | CCTV | PRINTER | ACCESSORIES
Computer & Laptop Service Camp
On 01 January 2019 to 06 January 2019 - Time : 11am to 9pm
Laptop & Computer Format @₹99/-
Any Brand Laptop Battery @₹1099/-
Any Brand Laptop Power Adapter @₹699/-
Any Brand Laptop Keypad @₹999/-
Any Brand Laptop LED Screen @₹3100/-
Any Brand Laptop Repairing @20% OFF
Computer & Laptop Checking & Estimate Absolutely Free No Hidden Charges
Drawing & Dance Competition Mega Event
You Are Cordially Invited Participate in The Competition
At Venus, Raj Victoria, Opp. Raj Arcade, Pal
• Competition Date 05 January 2019
• Starts on 4:00 pm Onwards
• Age Group - Sr., Jr., 1st to 12th
• Prizes & Certificate Will Be Given
• To All Participants
Registration Last Date 04-01-2018
For Registration Contact - 92279 32592
Sponsored By SYSCOM
Co Sponsored By QUEST ACADEMY
0 FILE CHARGES* 0 INTEREST HOME CREDIT
119, FF, RAJ VICTORIA, OPP. RAJ ARCADE, NR. PAL GAM CIRCLE, PAL, SURAT.
: 92279 32592 TIME : 7 DAYS OPEN (10.00 AM TO 10PM)

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એક્સક્લુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ દુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકુંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૬-૨૪૨૫૧૦૨

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

નોટબંધીમાં કરેલી આર્થિક મદદના ચેક રિટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ જાહેર

ફરિયાદ પક્ષ કલમ ૧૩૮ મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ

સુરત

સુરતના બાંધકામ કોન્ટ્રાક્ટરે નોટબંધી દરમિયાન મિત્રને રૂા. ૧૨,૮૫,૦૦૦ ની કરેલ આર્થિક મદદના કેસમાં નામદાર કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો.

આ કેસની પ્રાપ્ત વિગતો અનુસાર અમરોલીના ક્રોસ કોસાડ રોડ વિસ્તારની નિલકંઠ રેસિડેન્સિના ફ્લેટ નંબર બી - ૩૦૨માં રહેતા અરવિંદભાઇ છગનભાઇ ચૌહાણ રહે છે. તેઓ બાંધકામના કોન્ટ્રાક્ટ સાથે સંકળાયેલા છે અને આ ધંધાની મદદથી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. સુરત જિલ્લાના કામરેજ તાલુકાના મિરાબંગલા પાછળ આવેલા સાંઇ મિલન રો - હાઉસમાં રહેતા વિનુભાઇ સવજિભાઇ ગોહિલ અરવિંદભાઇ ચૌહાણના મિત્ર થાય છે. બંને કુટુંબો વચ્ચે પારિવારિક સંબંધો પણ છે. જેને લઇને અરવિંદભાઇ ચૌહાણ દ્વારા વિનુભાઇ ગોહિલભાઇને અવાર - નવાર નાણાંની જરૂર પડતી હોવાના કારણે નાણાં આપતા હતા અને વિનુભાઇ ગોહિલે તેમને પરત પણ કરી દીતા હતા. વર્ષ ૨૦૧૭માં નોટબંધીના સમય દરમિયાન વિનુભાઇને રૂા. ૧૨,૮૫,૦૦૦ની જરૂરિયાત હોવાથી આપ્યા હતા. જેનાં અવેજ પેટે અરવિંદભાઇને વિનુભાઇએ રૂા. ૬,૪૨,૫૦૦ લખેલ એસોસિએટ કો. ઓ. બેંકની પુણા કુંભારિયા શાખાના બે ચેકો આપ્યા હતા. પરંતુ સદર ચેકો પેમેન્ટ સ્ટોપ બાઇ ઓવરડ્રાફ્ટના શેરા સાથે પરત ફર્યા હતા. જે અંગે અરવિંદભાઇએ વિનુભાઇનો સંપર્ક કરી તેમને જાણ કરી હતી. પરંતુ વિનુભાઇ આ નાણાં ચુકવી ન શકે હતા ઉપરાંત ઉદાવ જવાબ અરવિંદભાઇને આપેલ જેથી અરવિંદભાઇએ પોતાના વકીલ મારફત નામદાર કોર્ટના નેગોસિએબલ ઇન્સ્ટુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ કરી હતી.

જેમાં વિનુભાઇ પક્ષે એડવોકેટ રાકેશભાઇ એમ. ગાંધી અને મુકેશભાઇ બોરીચાએ નામદાર કોર્ટને કરેલી રજૂઆતોને નામદાર કોર્ટે ગ્રાહ્ય રાખી હતી અને આ કેસમાં આરોપી વિનુભાઇ ગોહિલને નિર્દોષ છોડ્યા હતા.

વરેલીમાં ક્લિનીક ખોલી તબીબી પ્રેક્ટિસ કરતા બે ઊંટ વૈદ્યો ઝડપાયા

સાધન સમગ્ર સાથે બે બોગસ તબીબોની ધરપકડ

સુરત

વરેલીમાંથી કડોદરા પોલીસે વગર ડિગ્રીએ ડોક્ટરની પ્રેક્ટિસ કરી માનવ જિંદગી સાથે ચેડાં કરતા બે ડોક્ટરોને પકડી પાડી સાધન સામગરી કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા બોગસ તબીબોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

કડોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસને મળેલી જાણકારીના આધારે વરેલીમાં શાંતિનગર પંચવતી કોમ્પ્લેક્ષ દુકાન નં. ૩ શિવ ક્લિનીકમાં વગર ડિગરીએ ડોક્ટરની પ્રેક્ટિસ કરતા સુશીલ લક્ષ્મીકાંત મોલો (મૂળ કોલકાતા) તથા વરેલી સિતારામ કોમ્પ્લેક્ષ શોપ નં. ૪માં વગર ડિગ્રી ડોક્ટરની પ્રેક્ટિસ કરતા અનિલભાઈ ઈશ્વર દયાલ રામલાલ સિંગ કુશ્વાહનાઓને માનવ જિંદગી સાથે ચેડાં કરવાના ગુનામાં સાધન સામગ્રી સાથે પકડી પાડી ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટિસના એકટ ૧૯૬૩ની કલમ ૩૨૩૩ તથા ઈન્ડિયન મેડિકલ ડિગ્રીનું એકટ ૧૯૧૬ની કલમ-૬ મુજબનો ગુનો નોંધી વધુ કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

ચોથા દિવસે પણ સમગ્ર રાજ્યમાં નવસારી જિલ્લામાં સૌથી નીચું ૭ ડિગ્રી તાપમાન નોંધાયું

વલસાડ જિલ્લામાં ૧૦ અને સુરત જિલ્લામાં ૧૩ ડિગ્રી

સુરત

જમ્મુ કાશ્મીર અને ઉત્તર ભારતમાં હિમવર્ષા તેમજ રાજસ્થાનમાં લો-પ્રેશરના લીધે આજથી ત્રણ દિવસ સુધી રાજ્યમાં ઠંડીનો ચમકારો વધે તેવી શક્યતા છે. સતત ચાર દિવસથી રાજ્યમાં સૌથી વધુ ઠંડી નવસારી ખાતે નોંધાઈ રહી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૧.૫ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૪ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭.૫ મીલીબાર થયું છે. ગતરોજની સરખામણીએ આજે સુરતના તાપમાનમાં ૧ ડિગ્રીનો વધારો નોંધાયો છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ફરી ન્યુનત્તામ તાપમાન ૭ ડિગ્રી નોંધાયું છે. આજે સતત ચોથા દિવસે સમગ્ર રાજ્યમાં સૌથી ઓછુ ૭ ડિગ્રી તાપમાન નવસારીમાં નોંધાયું છે. નવસારી શહેર- જિલ્લામાં દિવસ દરમિયાન પણ ઠંડીથી બચવા માટે લોકોને ગરમ વસ્ત્રોની મદદ લેવાની ફરજ પડી છે. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૦.૬ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૯.૪ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના સૂત્રોએ વધુમાં જણાવ્યું છે કે, આજથી ત્રણદિવસ સુધી દક્ષિણ ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધે તેવી શક્યતા છે.

કતારગામની દુકાનમાંથી આઠ મોબાઈલ અને એક લેપટોપની ચોરી

સુરત

કતારગામ પીપલ્સ ચાર રસ્તા પર આવેલી મોબાઈલની દુકાનમાં તસ્કરોએ ૮ મોબાઈલ તથા એક લેપટોપ મળી કુલ રૂા. ૨.૨૧ લાખની ચોક કરતા દુકાન માલિકે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

કતારગામ પીપલ્સ ચાર રસ્તા પાસે અરિહંત કોમ્યુનિકેશન મોબાઈલ ફોનની દુકાનમાંથી આઠ મોબાઈલ ફોન અને લેપટોપ મળી કુલ્લે રૂા. ૨,૨૧,૪૪૭ના મતા ચોરાઈ હતી. આ બનાવ તા. ૩/૧/૧૯ના રોજ રાત્રિ સમય દરમિયાન બન્યો હતો. તસ્કરોએ એકઝાસ્ટ ફેનવાળી જાળી તોડી દુકાનમાં પ્રવેશી ચોરી કરી હતી. દુકાન માલિક પુતિનભાઈ વિરજીભાઈ બંધિયાએ કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. કતારગામ પોલીસ સીસીટીવી ફૂટેજ મેળવી આગળની તપાસ હાથ ધરી છે.

ટેક્સટાઈલના ધંધામાં ભાગીદારીના બહાને બે વેપારીઓ સાથે ૨.૯૧ કરોડની ઠગાઈ

મધુરમ ઈન્ડસ્ટ્રીઝ અને દુલ્હન ફેશનના ભાગીદારોએ છેતરપિંડી કરી

સુરત

ભાગીદારીમાં ટેક્સ ટાઈલ્સનો ધંધો શરૂ કરવાના નામે રૂપિયા ૨.૯૧ કરોડની રકમ મેળવી લાભ કે નફો નહીં આપનાર છ જણાં વિરૂદ્ધ અમરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ પોતાના મધુર ઈન્ડસ્ટ્રીયલ તથા દુલ્હન ફેશનની ફેક્ટરીમાં ભાગીદારી તરીકે નફામાં ભાગ આપવાનો વિશ્વાસ કેળવી ફરિયાદી પાસેથી રૂ. ૧,૪૭,૩૯૦૦૦ તથા સુરેશભાઈ છગનભાઈ વઘાસિયા પાસેથી રૂ. ૧,૪૪,૦૦,૦૦૦ મેળવી ભાગીદારી તરીકે નહીં રાખી લાભ કે નફો નહીં આપી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી.

અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મોટા વરાછા અબ્રામા રોડ, સિદ્ધેશ્વર કોમ્પ્લેક્ષમાં રહેતાં વિપુલભાઈ વિરજીભાઈ વાલાણીએ આરોપી વિશાલ રમેશ સિરોયા, પરમાનંદ વિનુભાઈ આસોદરિયા, અલ્પેશ સિરોયા, સુભાષ મનુભાઈ, મોહિત સુભાષ શિરોયા, નિખીલ રિબડીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં

લક્ઝરી બસના ડ્રાઈવર અને કંડક્ટર દ્વારા ઘરેણા ભરેલ પાર્સલ સગેવગે

સુરત

નવસારીના જવેલર્સમાં વેપારીનું સોનાના દાગીના વાળુ પાર્સલ લક્ઝરી બસના ડ્રાઈવર અને કંડક્ટર સહિતના ત્રણ વ્યક્તિએ લઈ સોની સાથે વિશ્વાસઘાત ચેતરપિંડી કરી હોવાના મામલે આખરે પોલીસે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નવસારી રૂષભ રેસીડેન્સીમાં રહેતા અને જવેલર્સનો ધંધો કરતા વિપુલભાઈ બંસીલાલ શાહે આરોપી દીપસિંહ ખેદરાજસિંહ સોઢા (બસ ચાલક), અર્જુનસિંહ સબલસિંહ સોઢા (કંડક્ટર), હનુમાન રણજીતરાય ભીલે (રહે. રાજસ્થાન) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી ૩૫ તોલા સોનાના દાગીનાનું પાર્સલ કિંમત રૂા.૧૧,૩૭,૫૦૦નું લઈ જઈ છેતરપિંડી કરી હતી. આ બનાવ વરાછા પારસી પંચાયત ખાતે આવેલ લક્ઝરી બસના પાર્કિંગમાં બન્યો હતો. વરાછા પોલીસે તપાસ હાથ ધરી છે.

ફરતી હોટલનો રિશેપ્સનીસ્ટ રોકડા રૂા.૫.૦૫ સાથે ગાયબ

સુરત

રિંગરોડ સ્થિત ટેક્સ પ્લાઝા હોટલનો રિસેપ્શનીસ્ટની નોકરી કરતો કર્મચારી રૂા.૫,૦૫,૮૮૧ની રકમ ચોરી કરી ગયો હતો.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ટેક્ષ પલાઝો હોટલના અતુલભાઈ રાજેન્દ્રકુમાર મિશ્રાએ આરોપી કર્મચારી ભાવિન અનિલભાઈ રાનિંગા (રહે. પોરબંદર) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી ભાવિન ગત તા.૪-૧-૨૦૧૯ની રોજ રિશેપ્શનના ટેબલમાં રાખેલા રોકડા રૂા.૫,૦૫,૮૮૧ની ચોરી કરી નાસી ગયો હતો. બનાવ અંગે સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી આરોપી ભાવિન રાનિંગાની શોધખોળ હાથ ધરી છે.

આઈટીઆઈ ગોરવા ખાતેથી એપ્રેન્ટીસ સર્ટિફિકેટસ મેળવી લેવા

વડોદરા : આઈટીઆઈ ગોરવા ખાતેથી વર્ષ ૧૯૯૩ થી મે-૨૦૧૬ સુધીમાં એપ્રેન્ટિસ પરીક્ષા આપી હોય અને જે એપ્રેન્ટીસોના નેશનલ એપ્રેન્ટીસશીપ સર્ટિફિકેટસ (NAC) બાકી હોય તેમના સર્ટિફિકેટસ આવી ગયેલ છે. કામકાજના કલાક સમય ૧૧ થી ૨ દરમિયાન ITI ગોરવાનો સંપર્ક કરી પોતાના સર્ટિફિકેટસ મેળવી લેવાના રહેશે. રૂબરૂ સંપર્ક કરતી વખતે માર્કશીટની નકલ, ફોટોવાળું આઇડી પ્રુફ અને રૂા. ૫૦/- ફી સાથે લાવવાના રહેશે, જેની નોંધ લેવા ITI ગોરવાના આચાર્યની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે